પ્રભુ પૂજા

# સ્વદ્રવ્યથી કે દેવદ્રવ્યથી ?

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા





સં.પૂ. મુનિશ્રી કીર્તિયશવિજયજી

પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયરામચન્દ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા... ૮૨

# પ્રભુપૂજા

## સ્વદ્રવ્યથી કે દેવદ્રવ્યથી ?


❖ પ્રવચનકાર ❖

સુવિશાળ ગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ,
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**



સન્માર્ગ પ્રકાશન



❖ સંપાદક ❖

વર્ધમાનતપોનિધિ પૂજ્ય મુનિરાજશ્રી ગુણયશવિજયજી ગણીવરના શિષ્યરત્ન
પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિયશવિજયજી ગણીવર

: પ્રકાશક :

**સન્માર્ગ પ્રકાશન**

શ્વે. મૂ. તપગચ્છ જૈન આરાધના ભવન,
પાછીયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
મુદ્રક : દુન્દુભી પ્રિન્ટર્સ, અમદાવાદ-૯
૦૭૯ - ૪૦૪૧૮૬

: મૂલ્ય :

એક પુસ્તકની કિંમત : રૂા. ૭-૦૦
૨૧ પુસ્તકના પહેલા સેટની કિંમત : રૂા. ૧૨૫-૦૦
૨૨ પુસ્તકના બીજા સેટની કિંમત : રૂા. ૧૨૫-૦૦
૨૨ પુસ્તકના ત્રીજા સેટની કિંમત : રૂા. ૧૨૫-૦૦
૨૨ પુસ્તકના ચોથા સેટની કિંમત : રૂા. ૧૨૫-૦૦
૧૦૮ પુસ્તકના પુરા સેટની કિંમત : રૂા. ૬૨૫-૦૦

પ્રથમ આવૃત્તિ—નકલ ૩૦૦૦, વિ. સં. ૨૦૫૧ અષાઢ વદ ૧૪ તા. ૨૨-૭-૯૫ બુધવાર
પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ.શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો ચોથો વાર્ષિક સ્વર્ગારોહણ દિન
સૌજન્ય : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ

## : ★ સંપર્કસ્થાન - ● પ્રાપ્તિસ્થાન :

❖ અમદાવાદ ❖

●★ બાબુલાલ કકલદાસ શાહ - ટ્રસ્ટી
C/o. કીર્તિલાલ બાબુલાલ એન્ડ કું.
રતનપોળ, ગોલવાડ, અમદાવાદ-૧
ફોન : (ઓ)૩૫૭૬૪૮, (ઘ)૩૫૬૯૯૫

●★ કે. નીતીન & કું.
૨૧, આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ,
ગોલવાડ, અમદાવાદ-૧, ફોન: ૩૫૬૩૮૦

● શાહ હરિચંદભાઈ પ્રતાપચંદ - ચેરમેન
૩૮, સહજીવન સોસાયટી, શાંતિનગર,
અમદા.-૧૪, ફોન : ૩૮૩૦૪૬, R.૪૨૦૧૫૮

●★ ડૉ. રમેશભાઈ શાંતિલાલ વોરા - મંત્રી
દેવસાના પાડા સામે, કાલુપુર, અમદાવાદ-૧
ફોન : ૩૬૯૩૦૩ (ઘ) ૪૪૨૬૮૪

● શાહ વાઘજીભાઈ ભુદરભાઈ - સહમંત્રી
સ્વામિનારાયણ મંદિર રોડ,
કાલુપુર, અમદાવાદ-૧, ફોન : ૩૬૫૩૪૬

● નરેન્દ્રકુમાર પોપટલાલ વોરા - સહમંત્રી
જૈનનગર, પાલડી, અમદા.-૭ ફોન: ૪૨૧૪૨૮

❖ સૂરત ❖

●★ શાહ નવીનચંદ્ર તારાચંદ - મંત્રી
C/o. વિપુલ ડાયમંડ,
૨૦૫-૨૦૬, આનંદ, બીજેમાળ, જદાખાડી,
મહીધરપુરા, સુરત, . ફોન : ૫૩૭૬૦

● શાહ ધીરજકુમાર શાંતિલાલ
કૈલાસનગર, સુરત, ફોન : ૩૮૮૪૯

● પરેશકુમાર વાડીલાલ સંઘવી
નાણાવટ મેઈન રોડ, સુરત, ફોન : ૩૫૬૨૪

❖ વડોદરા ❖

● પ્રકાશચંદ્ર જયંતિલાલ ગાંધી
C/o. સુલસા ટ્રાવેલ્સ, લાલજી કુઈ,
મસ્જીદ સામે, નાગરવાડા,
વડોદરા-૧, ફોન : ૬૬૪૪૧, ૫૪૧૩૯૬

❖ જામનગર ❖

● સમીર કે. પારેખ
૫, ગાંધી ચોક, જામનગર
ફોન : ૭૮૨૧૨(ઓ), ૭૧૯૪૨(ઘ)

❖ રાજકોટ ❖

● પ્રકાશભાઈ દોશી
વર્ધમાનનગર જૈન ઉપાશ્રય,
હજુર પેલેસ રોડ, રાજકોટ-૧

❖ મુંબઈ ❖

●★ મહેતા જયંતકુમાર શાંતિલાલ - મંત્રી
C/o. શાંતિલાલ એન્ડ સન્સ,
૨, પહેલેમાળ, કાયવાલા બિલ્ડીંગ,
૬૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩
ફોન : ૩૪૪૪૬૧૭, ૩૪૪૬૩૩૬

● વીરવાડીયા પ્રફુલકુમાર શાંતિલાલ
૪૦૧/સી. ચંદ્રપુરી , કેદારમલ રોડ
મલાડ (પૂર્વ) મુંબઈ-૯૭
ફોન નં.૮૪૦૫૩૩૯-૮૪૦૩૯૨૦

● કયવન્ન એમ. ઝવેરી
સુલસા એ. વાલકેશ્વર ફોન : ૩૬૧૦૭૨૪

● અનિલ કુમાર ડી. શાહ
મહાજનમ્, ૫૧૦, પ્રસાદ ચેમ્બર્સ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪
ફોન : ૩૬૧૦૨૧૮-૩૬૧૯૯૨૮

● દિલીપકુમાર એચ. ઘીવાળા
બી-૩૭, સોનારિકા, ૨૫-સી, ચંદાવાડી
સી.પી. ટેંક રોડ,
મુંબઈ-૪, ફોન : ૩૮૮૩૮૧૦, ૩૮૬૬૮૧૨

● સેવંતિલાલ વી. જૈન
૨૦, મહાજનગલી, ૧લે માળે, ઝવેરીબજાર
મુંબઈ-૨

❖ નવસારી ❖

● રાજુભાઈ બી. શાહ
રોકિઝ એપાર્ટમેન્ટ, પાંચમે માળે, સ્ટેશન રોડ,
નવસારી, ફોન : ૨૧૩૮, ૪૫૯૧

❖ નાસિક ❖

● ચંદ્રકાન્ત ચીનુભાઈ શાહ
મેઈન રોડ, નાસિક-૪૨૨૦૦૧
ફોન : ૭૬૪૭૨

❖ વઢવાણ – સુરેન્દ્રનગર ❖

● જયંતભાઈ ભીખાલાલ શાહ
ધનજીગફલનું ડહેલું, મોટા દેરાસર સામે,
સુરેન્દ્રનગર, ફોન : ૨૨૭૪૪ (ઓ.)
૨૧૯૧૬ (ઘ.)

❖ સોલાપુર ❖

● પ્રકાશચંદ મોતીલાલ શાહ
૬૯૬, ચાટીગલી, સોલાપુર-૪૧૩૦૦૨

❖ પાલિતાણા ❖

● સોમચંદ ડી. શાહ
જીવણનિવાસ સામે, તળાટી રોડ, પાલીતાણા

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરિ સ્મૃતિગ્રંથમાળા ભાગ-ચોથાના પ્રકાશન પ્રસંગે

## પ્રકાશકોના હૈયાની વાત

- પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાળગચ્છાધિપતિ સંઘસ્થવિર, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ પોતાની અમોઘ દેશના શક્તિ દ્વારા સકળ શ્રીસંઘ ઉપર અને વર્તમાન વિશ્વ ઉપર કરેલા અગણિત ઉપકારોથી કોણ અજાણ્યું છે ?
- નશ્વર દેહે તેઓ શ્રીમદનું સાનિધ્ય આજે અલભ્ય બનવા છતાં પણ અક્ષર દેહે તો તે સાનિધ્ય આજે પણ એટલું જ સુલભ છે. આમ છતાં એને વધુને વધુ સર્વજન સુલભ બનાવવા અને એ દ્વારા જીવનભર તેઓ શ્રીમદે અવિરતપણે વહાવેલ ઉપકાર ભાગીરથીના નિર્મળ વહેણને અવિરતપણે વહેતું રાખવા સન્માર્ગ પ્રકાશને ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયમહોદયસૂરીશ્વરજી** મહારાજાના અંતરના આશિર્વાદ પામવા પૂર્વક **પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયરામચન્દ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળાના** ઉપક્રમે દર વર્ષે તેઓશ્રીજીના વાર્ષિક સ્વર્ગારોહણ દિને ૨૧/૨૨ એમ કુલ પાંચ જ વર્ષના ટુંકા ગાળામાં ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનો નિર્ધાર કર્યો છે.

  અમારા આ નિર્ધાર મુજબ પૂજ્યશ્રીના પ્રથમ સ્વર્ગારોહણ દિને ૨૧ પુસ્તકોના ત્રણ-ત્રણ હજાર સેટનું બે આવૃત્તિમાં પ્રકાશન કર્યું હતું. એજ રીતે પૂજ્યપાદશ્રીજીના બીજા સ્વર્ગારોહણ દિને સ્મૃતિગ્રંથમાળાનાં ૨૨થી ૪૩ એમ ૨૨ પુસ્તકોના બીજા સેટનું અને ત્રીજા સ્વર્ગારોહણ દિને સ્મૃતિગ્રંથમાળાનાં ૪૪થી ૬૫ એમ ૨૨ પુસ્તકોના ત્રીજા સેટનું પ્રકાશન કર્યા બાદ તેઓશ્રીના ચોથા સ્વર્ગારોહણ દિને સ્મૃતિગ્રંથમાળાનાં ૬૬થી ૮૭ એમ ૨૨ પુસ્તકોના ચોથા સેટનું પ્રકાશન કરતાં અમને અત્યંત આનંદાભૂતિ થાય છે.
- પ્રસ્તુત ગ્રંથમાળાનાં પ્રત્યેક પુસ્તકોનું સંકલન/સંપાદન કરી આપવા અમે વર્ધમાન તપોનિધિ પૂજ્ય **મુનિરાજ શ્રી ગુણયશવિજયજી** ગણીવરના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજ **શ્રી કીર્તિયશવિજયજી** ગણીવરને વિનંતિ કરતાં અમારી તે વિનંતિને સહર્ષ સ્વીકારી અમને અત્યંત ઉપકૃત કર્યા છે.
- સ્મૃતિ ગ્રંથમાળાના **'પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કે દેવદ્રવ્યથી ?'** પુસ્તકને પ્રકાશિત કરતાં અમે ખૂબ જ આનંદ અનુભવીએ છીએ.

  અમને આશા છે કે પ્રસ્તુત પુસ્તકનું વાંચન આપના જીવનને સાચી દિશા અને સાચો પ્રકાશ આપશે. આપ એને માત્ર કબાટની શોભા ન બનાવતાં આપના જીવનની શોભા બનાવશો અને એને સરોવરના જળની જેમ એક જ જગ્યાએ સીમીત ન રાખતાં નિર્મળ સરિતાના વહેણની જેમ વહેતું જ રાખશો.

  આપની અનુભૂતિ અમને જાણવા મળશે તો અમારો આનંદ અદકેરો બનશે.

**- સન્માર્ગ પ્રકાશન**

# અર્પણ

## સવિનય સમર્પણ

પરમ આપ્તત્વને વરેલા હે ગુરુદેવ !

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય

**રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !**

ગુર્જર ભાષાના માધ્યમે આપે વહેતી મૂકેલી
પ્રવચન ભાગીરથીને
સુયોગ્ય જ્ઞાનાર્થીજનો સુધી
પહોંચાડવાનું જે સૌભાગ્ય
અમને પ્રાપ્ત થયું છે,
તે... અમને પ્રાપ્ત થયેલા
આપના અંતસ્તલના આશીર્વાદનું જ
એક સુખદ શુભ પરિણામ છે.
આશા તો એક જ હતી કે,
સાક્ષાત્ સરસ્વતીના અવતાર સમા
આપના વરદ કરકમળોમાં સ્થાન માપીને
આ જ્ઞાનલક્ષ્મી ઝૂમી ઊઠશે :

પણ... ગુરુદેવ !
અમારું એ પુણ્ય ઓછું પડ્યું અને આપ સ્વર્ગે સિધાવી ગયા.
ખેર ! આપ જ્યાં હો ત્યાંથી પુષ્પમાળા સમી
આ ગ્રંથમાળા સ્વીકારી અમને કૃતાર્થ કરો એ જ એક અભ્યર્થના.

## : આધાર સ્થંભ :

**સન્માર્ગ પ્રકાશનના શુભકાર્યમાં આત્મિયભાવે અત્યંત મહત્વનો ફાળો આપી આધારસ્થંભ બનનારા પુણ્યવાનોની શુભ નામાવલિ.**

| | | |
|---|---|---|
| ૧. | ભોરોલતીર્થ નિવાસી મહેતા શાંતિલાલ હરીલાલ | મુંબઈ |
| ૨. | હસમુખલાલ ચુનીલાલ મોદી | મુંબઈ |
| ૩. | રમીલાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | મુંબઈ |
| ૪. | માણેકલાલ મોહોલાલ ઝવેરી | મુંબઈ |
| ૫. | ભોરોલતીર્થ નિવાસી સંઘવી સ્વરૂપચંદ મગનલાલ હ : વાડીલાલ | સુરત |
| ૬. | ભોરોલતીર્થ નિવાસી વોહેરા જેવતલાલ સ્વરૂપચંદ | ભોરોલતીર્થ |
| ૭. | શાહ પ્રેમચંદભાઈ ઈશ્વરલાલ | મુંબઈ |
| ૮. | શ્રીમતી કંચનબહેન સારાભાઈ શાહ હ : વિરેન્દ્રભાઈ (સાઇન્ટીફીક લેબ.) | અમદાવાદ |
| ૯. | ઝવેરી કુમારપાળ બાલુભાઈ | મુંબઈ |
| ૧૦. | શાહ જોઈતાલાલ ટોકરદાસ હ : શાહ દિનેશભાઈ જે. | મુંબઈ |
| ૧૧. | શાહ છબીલદાસ સાંકળચંદ પરિવાર | મુંબઈ |
| ૧૨. | શાહ ભાઈલાલભાઈ વર્ધીલાલ (રાધનપુર) C/o. શાહ રાજુભાઈ બી. | નવસારી |
| ૧૩. | ભોરોલતીર્થ નિવાસી સંઘવી મણીબહેન મનજીભાઈ હ : ચંપકભાઈ | સુરત |
| ૧૪. | શાહ દલપતભાઈ કકલભાઈ (પીલુચાવાળા) | સુરત |
| ૧૫. | સંઘવી શાંતિલાલ વાડીલાલ | ભાભર |
| ૧૬. | શાહ બાબુલાલ મંગળજી પરિવાર | ઉંબરી |
| ૧૭. | શ્રીમતિ કંચનબેન કાન્તિલાલ મણીલાલ ઝવેરી<br>હસ્તિગિરિ પ્રતિષ્ઠા સ્મૃતિ નિમિત્તે | પાટણ |
| ૧૮. | પાલનપુર નિવાસી શાહ શશીકાન્ત પૂનમચંદ | મુંબઈ |
| ૧૯. | શાહ ચમનલાલ ચુનીલાલ ધાનેરાવાળા | મુંબઈ |
| ૨૦. | શાહ મંગળદાસ માનચંદ લિંબોદ્રાવાળા | મુંબઈ |
| ૨૧. | ઝવેરી જીતુભાઈ ઝવેરચંદ | મુંબઈ |
| ૨૨. | શાહ લાલચંદ છગનલાલ પરિવાર પિંડવાડાવાળા | મુંબઈ |
| ૨૩. | ધાનેરા નિવાસી શાહ ચંદનબેન કનૈયાલાલ હ : નરેશભાઈ | નવસારી |

## : સહયોગી :

સન્માર્ગ પ્રકાશનના શુભકાર્યને પોતાનું માની આગવો ફાળો આપી સહયોગી બનનારા પુણ્યવાનોની શુભ નામાવલિ.

| | | |
|---|---|---|
| ૧. | હેમચંદભાઈ મોતીચંદભાઈ ઝવેરી | મુંબઈ |
| ૨. | અમુલખભાઈ પૂનમચંદભાઈ મહેતા પરિવાર<br>C/o. કુમારભાઈ એ. મહેતા | સુરત |
| ૩. | રમણિકભાઈ રેવચંદભાઈ શાહ ધાનેરાવાળા<br>C/o. અરવિંદભાઈ આર. શાહ | સુરત |
| ૪. | સંઘવી સોહનરાજજી રૂપાજી | મુંબઈ |
| ૫. | શ્રીમતી નિર્મળાબહેન હિંમતલાલ દોશી<br>હ : શ્રી ભરતભાઈ હિંમતલાલ દોશી | મુંબઈ |
| ૬. | શ્રી કેશવલાલ દલપતભાઈ ઝવેરી<br>શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી | મુંબઈ |
| ૭. | સ્વ. મણીલાલ નીહાલચંદ શાહ<br>હ : રતીલાલ મણીલાલ શાહ | મુંબઈ |
| ૮. | ભાંડોતરા નિવાસી સ્વ. શાહ મૂળચંદ ધર્માજી<br>તથા તેમના ધર્મપત્ની પારૂલબહેન મૂળચંદ સહપરિવાર | ભાંડોતરા |
| ૯. | સ્વ. શ્રી ભીખમચંદજી સાંકળચંદજી<br>C/o. શાહ રતનચંદ ફુલચંદ | મુંબઈ |
| ૧૦. | શાહ પારૂબહેન મચાચંદ વરધાજી | રેતાવાડા |
| ૧૧. | શાહ મણીલાલ હરગોવનદાસ નેસડાવાળા<br>હ : પ્રવિણભાઈ | સુરત |
| ૧૨. | શ્રીમતી જયાબહેન પાનાચંદ ઝવેરી<br>હ : પાનાચંદ નાનુભાઈ ઝવેરી | મુંબઈ |
| ૧૩. | શ્રી દીપચંદ લલ્લુભાઈ તાસવાળા | સુરત |
| ૧૪. | શાહ બાબુલાલ નાગરદાસ પટોસણ(ઉ.ગુ.)વાળા | મુંબઈ |
| ૧૫. | શાહ અમીચંદ ખીમચંદ પરિવાર<br>હ. : યોગેશભાઈ તથા નિકુંજભાઈ | મુંબઈ |
| ૧૬. | શાહ માણેકલાલ નાનચંદ | મુંબઈ |

# પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કે દેવદ્રવ્યથી ?

વિશ્વકલ્યાણકર, અનંતકરુણાનિધાન, સર્વોત્કૃષ્ટ ઉપકારી અરિહંત પરમાત્માની ભક્તિ, એ મુક્તિની દૂતી છે. પરમાત્માની ભક્તિ, ભકતે પોતાના અંતકરણનો ભક્તિભાવ, કૃતજ્ઞભાવ, સમર્પણભાવ વ્યક્ત કરવા માટે કરવાની છે અને એથી જ પોતાને જે મળ્યું, તે પોતાની શક્તિ મુજબ પરમાત્માની સેવામાં સમર્પિત કરવાનું છે. આમ છતાં 'પ્રભુપૂજા પરદ્રવ્યથી કેમ ન થાય ? દેવદ્રવ્યથી કેમ ન થાય ?-' એવો પ્રશ્ન હમણાં હમણાં ખૂબ જ ચર્ચાના ચગડોળે ચડાવ્યો છે.

વર્ષો સુધી 'પ્રભુપૂજા તો સ્વદ્રવ્યથી જ કરાય, પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી નહિ ?-' એવું-પ્રતિપાદન કરનારાઓ પૈકીનો જ કેટલોક વર્ગ છેલ્લા થોડા સમયથી જુદા રાહે ફંટાણો છે; અને તે વર્ગ 'પ્રભુપૂજા સ્વદ્રવ્યથી જ કરવી જોઈએ ,– એવો કોઈ નિયમ નથી. 'શું એવો કોઈ એકાંત નિયમ છે કે પ્રભુપૂજા પરદ્રવ્યથી કે દેવદ્રવ્યથી ન જ કરાય'–આમ 'એકાંત' શબ્દને નિરર્થક આગળ કરીને સ્વદ્રવ્યથી પ્રભુપૂજાના શાસ્ત્રીય વિધાન સામે સૂગ પેદા કરી 'પ્રભુપૂજા માટે પરદ્રવ્ય કે દેવદ્રવ્ય વાપરી શકાય, એમાં કશો દોષ નથી પણ લાભ જ છે,' એવાં પ્રતિપાદનો કરી રહ્યો છે; અને એ વિચારધારાનો પ્રચાર એવી રીતે કરે છે કે જેનાથી અજ્ઞાન, અલ્પજ્ઞવર્ગ ભ્રમમાં પડે કે મુંઝાયા કરે.

| | |
|---|---|
| દેવગૃહે દેવપૂજાऽपि स्वद्रव्येणैव यथाशक्ति कार्या' | - જિનમંદિરમાં જિનપૂજા પણ સ્વદ્રવ્યથી જ યથાશક્તિ કરવી. |
| पूजां च वीतरागानां स्वविभवोचित्येन ।' | - વીતરાગ પરમાત્માની પૂજા પોતાના વૈભવ મુજબ કરવી. |
| 'विभवानुसारेण यत्पूजनम् ।' | - વૈભવને અનુસારે પૂજન કરવું. |
| 'यथालाभं ।' | - જેવી આવક હોય તે મુજબ. |
| नियविहवाणुरूवं ।' | - પોતાના વૈભવને અનુરૂપ. |
| 'स्वशक्त्यनुसारेण जिनभक्तिः कार्या' | - પોતાની શક્તિ મુજબ જિનભક્તિ કરવી. |

આવા આવા અનેક શાસ્ત્રપાઠો વિદ્યમાન હોવા છતાં અને એવા પાઠો અનેકવાર આપવા, દર્શાવવા છતાં, 'અમને શાસ્ત્રપાઠો મળ્યા નથી, આપ્યા નથી, બતાવ્યા નથી, એવા કોઈ શાસ્ત્ર પાઠો છે જ નહિ'-એવો પણ અપપ્રચાર ચાલુ રહ્યો-રખાયો છે.

આવો અપપ્રચાર કરનાર વર્ગ જે મહાપુરુષને પોતાના આરાધ્ય તરીકે ઓળખાવવાનો દાવો કરે છે, તે સ્વનામધન્ય સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાની તારક નિશ્રામાં થયેલું ને પ્રસ્તુત વિષય ઉપર સુંદર પ્રકાશ પાડતું એક અતિમનનીય પ્રવચન અત્રે પ્રકાશિત કરાય છે.

આ પ્રવચન, વિ. સં. ૨૦૦૬ની સાલમાં પાલિતાણાના ચાતુર્માસમાં પૂજ્યપાદ પ્રવચનકારશ્રીજીએ કર્યું હતું. અને તે સમયે 'જૈન પ્રવચન' સાપ્તાહિકમાં અને તે પછી 'ચારગતિનાં કારણો' પુસ્તકમાં પ્રકાશિત થયું હતું.

આ રીતે આજથી ૪૫ વર્ષ પૂર્વે થયેલું આ પ્રવચન, વર્તમાન પરિસ્થિતિમાં આજે પણ એટલું જ માર્ગદર્શક ઉપકારક બને તેવું છે.

જે પણ વાચક પૂર્વગ્રહનો સર્વથા ત્યાગ કરીને મુક્ત મને સત્યને પામવાની ભાવનાથી આ પ્રવચન વાંચશે, તેને પૂજ્યપાદ આ . શ્રી વિજય પ્રેમ સૂ.મ.સા.ના આ વિષયમાં શું વિચારો હતા, તેનો પણ સાચો ખ્યાલ આવશે અને સત્યમાર્ગ જરૂર લાધશે, એવો વિશ્વાસ જરાય અસ્થાને નહિ જ ગણાય.

## પૂજ્યપાદ આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થયેલ પ્રવચનને રજુ કરતા
# આ પુસ્તકના કેટલાક મનનીય મુદ્દા

* આજે દેવની પૂજા કોણ કરે, અને દેવની પૂજા શામાંથી કરવી ? તેની પણ ચિંતા ઉભી થવા માંડી છે.
* ભગવાનની પૂજા માટે કેશરવગેરે જોઈએ તે ક્યાંથી લાવવું ? પોતાની કહેવાતી ભગવાનની પૂજામાં પણ દેવદ્રવ્યનો ઉપયોગ શા માટે ન થાય ? એવા પ્રશ્નો ઉઠવા માંડ્યા છે.
* આજે એવો પણ પ્રચાર ચાલી રહ્યો છે કે, ભગવાનની પૂજામાં દેવદ્રવ્યનો ઉપયોગ કરવા માંડો !
* કોઈ કોઈ ઠેકાણે તો એવાં રીતસરનાં લખાણો થવા લાગ્યાં છે કે, મંદિરની આવકમાંથી પૂજાની વ્યવસ્થા કરવી.
* આવું વાંચીએ સાંભળીએ ત્યારે થાય કે દેવદ્રવ્ય ઉપર સરકારની દાનત બગડી છે કે દેવદ્રવ્ય ઉપર જૈનોની દાનત બગડી છે ?
* દેવદ્રવ્યની વાત તો દૂર રહી, પણ અન્ય શ્રાવકના દ્રવ્યથી પણ પૂજા કરવાનું કહેવામાં આવે તો જૈનો કહેતા કે, એના દ્રવ્યથી અમે પૂજા કરીએ, એમાં અમને શો લાભ ?
* શ્રાવકે દ્રવ્યપૂજા શા માટે કરવાની છે ? આરંભ અને પરિગ્રહમાં ગ્રસ્ત જો છતી શક્તિએ દ્રવ્યપૂજા કર્યા વિના જ ભાવપૂજા કરે, તો તે પૂજા વાંઝણી ગણાય.
* પોતાના દ્રવ્યથી પૂજાકરવામાં ભાવવૃદ્ધિનો જે પ્રસંગ છે. તે પારકાદ્રવ્યથી પૂજા કરવામાં નથી. ભાવને પેદા કરવાનું કારણ ન હોય તો ભાવ પેદા થાય શી રીતે ?
* શ્રાવક પાસે દેવદ્રવ્યના કેસર આદિથી પૂજા કરવાની વાતો આજે શાસ્ત્રપાઠોના નામે પણ કરવામાં આવે છે. અને તેમાં દા'ડે દા'ડે સમ્મતિ આપનારાઓ વધતા જાય છે.
* 'શેઠનાં ફૂલ અમે ભગવાનને ચડાવીએ, તેમાં અમને શું ફળ મળે ?'-એટલું, એ અજ્ઞાન અને અસંસ્કારી નોકરોને પણ સમજાયું અને શ્રાવકના કૂળમાં ઉત્પન્ન થયેલા, ધર્મગુરુઓના પરિચયમાં આવેલા, વ્યવહાર કુશળ બનેલા તમને આવો વિચાર ન આવે, તો સમજવું શું ?
* છતે પૈસે પૈસાવગર થતા ધર્મને જે શોધે, એનામાં પૈસાની મૂર્ચ્છાનો અતિરેક ગણાય.

* જેની પાસે જે હોય, તે તેનો શક્તિ અને ભાવના મુજબ ધર્મ કરવામાં ઉપયોગ કરે.

* પારકા દ્રવ્યથી જ અને હવે તો એનાથી પણ આગળ વધીને દેવદ્રવ્યના ખર્ચેપણ જિનપૂજા કરવા-કરાવવાની વાતો-કરનારાઓ જો પોતાના હૈયાને ખોલીને આવી વાતો વિચારે, તો એમને ખ્યાલ આવે કે, એમના વિચારો કેટલા ઉન્માર્ગ તરફ ઘસડાઈ રહ્યા છે.

* આજે, 'મારે મારા દ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ - એ વાત વિસરાતી જાય છે અને એથી જે સ્થળે જૈનોનાં સંખ્યાબંધ ઘરો હોય, તેમાં પણ સુખી સ્થિતિવાળાં ઘરો હોય, ત્યાં પણ કેસર - સુખડ આદિના ખર્ચ માટે બૂમો પડવા લાગી છે. આના ઉપાય તરીકે દેવદ્રવ્યથી જિનપૂજા કરવાનું કહેવાને બદલે, સામગ્રી સંપન્ન જૈનોને પોત-પોતાની સામગ્રીથી શક્તિ મુજબ પૂજા કરવાનો ઉપદેશ આપવો જોઈએ.

* દેવદ્રવ્યના રક્ષણમાટે પણ આ દેવદ્રવ્યમાંથી શ્રાવકોને પૂજા કરવાની સગવડ કરી દેવાનો ઉપાય વાજબી નથી. દેવદ્રવ્યનો દુરુપયોગ થતો અટકાવવો હોય અને સદુપયોગ કરી લેવો હોય તો આજે જીર્ણ મંદિરો ઓછાં નથી.

* દેવદ્રવ્યમાંથી શ્રાવકો માટે પૂજા કરવાની વ્યવસ્થા કરવી અને શ્રાવકોને દેવદ્રવ્યથી આવેલી સામગ્રી દ્વારા પૂજા કરતા બનાવી દેવા, એ તો તેમને તારવાનો નહિ પણ ડુબાવી દેવાનો ધંધો છે.

* શાસ્ત્રોએ તો ગૃહમંદિરમાં ઉત્પન્ન થયેલા દેવદ્રવ્યથી ગૃહમંદિરમાં પૂજા કરવાની પણ મનાઈ કરી છે.

ગૃહમંદિરમાં ઉપજેલ દેવદ્રવ્ય દ્વારા સંઘના જિનમંદિરમાં પૂજા કરવામાં પણ દોષ કહ્યો છે; અને ગાંઠના દ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ એવું વિધાન કર્યું છે.

* સાતક્ષેત્રમાં સારાભાવે પોતાના ધનને વાપરનારા, પોતાના પરભવની સ્થિતિ સદ્ધર બનાવે છે.

* મંદિરો આદિમાં શ્રીમંતો કરતાં મધ્યવર્ગ અને ગરીબો એ આપેલું દ્રવ્ય વધારે છે. જેમના હૈયામાં ભગવાનની ભક્તિ વસી, તેમણે થોડામાંથી પણ થોડું, ખાનપાનના સામાન્ય ખર્ચમાંથી પણ બચાવી બચાવીને આપેલ છે. આવાં નાણાંનો દુરુપયોગ ન થઈ જાય, એની વહીવટદારોને માથે અને સંઘને માથે મોટી જવાબદારી છે.

* * *

## કુટુંબ સાથે કરવાની વાતો :

કલિકાલ સર્વજ્ઞ પરમોપકારી આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ આત્માને જ સંસાર અને આત્માને જ મોક્ષ કહ્યો છે. કષાયો અને ઈંદ્રિયોનો ગુલામ આત્મા સંસાર છે, કષાયો અને ઈંદ્રિયોનો વિજેતા આત્મા મોક્ષ છે. એ જ રીતે કર્મસહિત આત્મા સંસાર છે અને કર્મરહિત આત્મા મોક્ષ છે.

મોક્ષ પામવા માટે જ્ઞાનીઓએ માનવજન્મને વખાણ્યો છે, કેમ કે અજન્મા થવા માટેનો જે ઉદ્યમ અહીં થઈ શકે છે, તેવો ઉદ્યમ બીજા કોઈ પણ જન્મમાં થઈ શકતો નથી અને એથી જ જન્મના નાશની પ્રેરણા આપનારા જ્ઞાનીઓએ મનુષ્યજન્મને વખાણ્યો છે.

હવે કહો, અજન્મા બનવા માટેના ઉદ્યમોમાં સૌથી સારો ઉદ્યમ કયો છે ?

પાપરહિતપણે જીવનારા બનવું, એ જ ને ?

જીવને પાપ લાગે નહિ, એવું ક્યારે બને ?

જીવન જો ભગવાનની આજ્ઞાને જ આધીન બની જાય તો ! યતનામય સાધુજીવન જીવવું, એ જ સાચું પાપરહિત જીવન છે ને ? તો આ વાત હવે તો તમારા કુટુંબને તમે સમજાવજો અને કહેજો કે 'આ મનુષ્યજન્મને જ્ઞાનીઓએ દશ દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે; આર્ય દેશાદિ સામગ્રીથી સહિત મનુષ્યજન્મ મળવો, એ અતિશય દુર્લભ છે, આપણે પૂર્વે વિપુલ પુણ્ય કરેલું કે, જેથી આપણને આવો મનુષ્યજન્મ મળી ગયો છે, પણ આ જન્મ મળ્યો, તેને આપણે સફળ કરીએ તો કામનું ! અત્યારે આપણે જે રીતે જીવીએ છીએ, તે રીતે જીવવા માટે, આ મનુષ્યજન્મ નથી. આ મનુષ્યજન્મ મળ્યો, એ તેનો જ સફળ છે કે, જે પોતાના જીવનને પાપરહિત બનાવે ! માટે આપણે પણ આપણા જીવનને પાપરહિત બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ ! તમે આવી વાત કરો, એટલે કદાચ કોઈ એમ પણ પૂછે કે 'આ સંસારમાં પાપરહિત જીવન કોણ જીવે છે ?' ત્યારે તમારે કહેવું કે 'આપણાં સાધુ અને સાધ્વી પાપરહિત જીવન જીવે છે.

સાધુપણા વિના સર્વથા પાપરહિત જીવન જિવાય, એ બને નહિ.' આ બધી વાતો તમે કરો, એટલે કોઈને સાધુ કે સાધ્વી બનવાનું મન થઈ જાય, એમ પણ બને, કેમ કે પાપ તો ખટકતું જ હોય અને પાપથી રહિતપણે જીવી શકાય એવો જન્મ મળ્યો હોય, એટલે જે સમજે તેને સાધુ કે સાધ્વી બનવાનું મન થઈ જાય, એમાં નવાઈ નથી. શ્રાવક-શ્રાવિકાને તો આઠ વર્ષની ઉંમરે સાધુ-સાધ્વી ન બનાયું હોય, તેનું હૈયે દુઃખ હોય. એને એમ થાય કે 'આવી ઉત્તમ સામગ્રીવાળા મનુષ્યજન્મને પામવા છતાં પણ મેં આટલાં વર્ષો પાપમાં ગુજાર્યાં !' જેના મનને આવું દુઃખ હોય, તે જ સાચા ભાવે એમ કહી શકે ને કે 'ધન્ય છે તે પુણ્યાત્માઓને કે, જેઓ આઠ વર્ષની વયે પાપરહિત જીવનને જીવનારા બન્યા !'

તમે અત્યાર સુધીમાં દીક્ષિત બન્યા નથી અને પાપકર્મના ઉદયે તમને દીક્ષિત બનવાના પરિણામ હજી જાગતા નથી, પણ તમારા કુટુંબમાં જે કોઈના અંતઃકરણમાં દીક્ષિત બનવાની ભાવના પ્રગટે, એને તમે શું કહો ? બહુ બહુ તો તમે એને સાધુજીવનની કઠિનતા બતાવો ને ? તમે એટલું જ કરો કે કાંઈ વધારે કરો ? તમને તમારો મોહ એ વખતે મૂંઝવે, તો એ મોહને દબાવી દેવા માટે તમે તમારા વિવેકનો ઉપયોગ કરો ને ? ત્યાં હૈયામાં ધર્મ કેટલો વસ્યો છે, એની કસોટી થઈ જાય છે.

આવી વાતો તમારા ઘરમાં થવા માંડે, તો પરિણામ કેટલું સુંદર આવે ?

**સભા : આવી વાતો ઘરમાં થાય શી રીતે ?**

શો વાંધો આવે ? ત્યાગી ગમે છે અને ઘરમાં વૈરાગ્યની વાતો થાય, તો એ ગમે નહિ ? ભૂલે-ચૂકે આ વાત ઘર સુધી ન જાય, એની કાળજી રાખો છો ? ઘરમાં આ વાત હોય, પેઢીમાં આ વાત હોય, એટલે સમજી લેવું કે, એ ઘર ને એ પેઢી પર આજના જેવું મમત્વ નહિ રહે. એ ઘર તમારું નહિ રહે, પણ ભગવાનનું બની જશે. **જૈનનાં ઘરબાર વગેરે બધું જિનશાસનનું જ ગણાય. કેમ કે ત્યાં માન્યતા ભગવાન જિનેશ્વરદેવની આજ્ઞાની જ હોય. સૌના મનને એમ હોય કે, આ બધું સૌથી પહેલાં શાસન માટે.** આમ ઘર ને પેઢી તજી શકે નહિ, પણ શાસનને જો

જરૂર પડી જાય, તો એનો તો શું, પણ જાતનોય ભોગ દેવાની તૈયારી જૈનમાં હોય.

## ધર્મસ્થાનો સંઘનાં એટલે કોઈનાં નહિ કે સૌનાં ?

**જૈનો તો એમ જ માને કે, પહેલાં આપણે શાસનના અને પછી કુટુંબ આદિના ! પુણ્યવશ જે કાંઈ મને મળ્યું છે, તે શાસનના ઉપયોગમાં આવી જાય તો સારું, એ ભાવના જૈનના હૈયામાં હોય.** આજે મોટે ભાગે તમે બધું તમારું જ છે, એમ માની બેઠા છો અને એથી તમારે માટે દેવ, ગુરુ, ધર્મ જાણે પારકા હોય એવું થઈ ગયું છે.

**સભા : મંદિર, ઉપાશ્રય આદિ તો સંઘનાં ને ?**

સંઘનાં એટલે કોઈનાં નહિ કે સૌનાં ? શું દરેક જૈનને એનું મમત્વ ન હોય કે કોઈક ને જ એનું મમત્વ ન હોય ? શ્રી જિનમંદિરાદિ સંઘનાં ગણાય, એનો અર્થ એ છે કે, સંઘની દરેકેદરેક વ્યક્તિ એમાં પોતાની શક્તિ-સામગ્રીનો ખર્ચ કરવા ઇચ્છે. એક જૈનનું ઘર પણ જાહોજલાલીવાળું હોય, તો સંઘનાં મંદિરાદિ કેવી જાહોજલાલીવાળાં હોય ? ઘર વગેરેની ચિંતા કરનારા તો એકાદ-બે હોય અને જિનમંદિર આદિની ચિંતા કરનારા તો સૌ હોય, એટલે જે કાળમાં ઘર આદિમાં ઊણપ આવે, તેવા કાળમાં પણ જિનમંદિરાદિમાં ઊણપ આવે નહિ ! આજે મોટે ભાગે લગભગ એથી ઊલટી જ પરિસ્થિતિ દેખાય છે ને ? ઘર વગેરેને માથે ધણી છે અને જિનમંદિરાદિ અંગે જાણે ધણીધોરી કોઈ નહિ ! પોતાની સગવડનો અને પોતાની સત્તા આદિનો હક્ક કરવા સૌ આવે અને ક્યાં કેટલી જરૂર છે, એની ચિંતા તો ભાગ્યે જ કોઈ કરે.

**આજે દેવની પૂજા કોણ કરે, તેનીય ચિંતા અને દેવની પૂજા શામાંથી કરવી, તેની પણ ચિંતા ઊભી થવા માંડી છે ને ?** મંદિરની ચિંતા અમારે ક્યારે કરવી પડે ? ગૃહસ્થો કરી શકે ત્યાં સુધી અમારે એમાં પડવાનું નથી. તમે ન કરો, તો અમારે પણ એમાં પડવું પડે. તમારાં ઘર ભગવાનના શાસનનાં મટી જવા માંડ્યાં, માટે આજે વાંધો પડ્યો છે. છોકરો ત્રણ શેર દૂધ પીતો હોય, તો ચાર શેર દૂધ પીતો કેમ થાય, એની ચિંતા કરે, પણ પાડોશમાં સાધર્મિક ભાઈ સીદાતો હોય, તોય એની ચિંતા કરે નહિ ! છોકરાને કોઈ દિ' એમ કહ્યું કે 'તું પીએ છે

એમાંથી થોડું રહેવા દે અને બીજાને આપ ?' અરે, છોકરો કદાચ પોતાનામાંથી બીજાને આપવાનું કહે, તોય આ કહે, 'ના, તું પી !' **છોકરો દૂધ પીએ તો મન ઠરે અને સાધર્મિક દુ:ખી થતો હોય, તો રૂંવાડું ય ફરકે નહિ ! ઘર, છોકરા આદિ પ્રત્યે મારાપણું છે, એટલે મન ઠરે છે અને સાધર્મિક પ્રત્યે મારાપણું નથી, માટે એના દુ:ખે દુ:ખી થવાતું નથી અને એથી જ જૈનત્વ ઝાંખું પડે છે.**

## જૈનત્વ ઝળહળે ક્યારે ?

જૈનત્વ ઝળહળે ક્યારે ? હૈયામાં દેવ-ગુરુ-ધર્મને જે સ્થાન હોય, તે બીજા કોઈને પણ ન હોય ત્યારે ને ? તમારે તો એમ કહેવું જોઈએ કે, અમને ઘર જેટલું ગમતું નથી, તેટલું મંદિર ગમે છે, પેઢી આદિ ધંધાનાં સ્થાનો જેટલાં ગમતાં નથી, તેટલાં ઉપાશ્રય આદિ ધર્મસ્થાનો ગમે છે, માતા-પિતાદિ વડીલો જેટલા ગમતા નથી, તેટલા સાધુ ને સાધ્વી ગમે છે, કુટુંબાદિ પરિવાર જેટલો ગમતો નથી, એટલા સાધર્મિકો ગમે છે અને ધન જેટલું ગમતું નથી, એટલો અમને ધર્મ ગમે છે.

**સભા : એવું બોલીએ, તો તે તદ્દન ખોટું બોલીએ છીએ, એમ કહેવું પડે એમ છે.**

કારણ કે હૈયે એ વાત નથી. જૈનત્વનો સાચો આસ્વાદ પમાયો ન હોય, એટલે એવું હૈયામાં ઊગે નહિ અને હૈયામાં એવું ઊગ્યા વિના જ એવું બોલો, તો તો તે ખોટું જ ગણાય ને ? હૈયાને એવું કેળવવું જોઈએ. જૈનત્વને પામેલો આત્મા સાધુ જ બની જાય, ગૃહસ્થપણે રહે જ નહિ અને ગૃહસ્થપણે રહે, તો એનું જૈનત્વ જાય, એવો નિયમ નથી. જૈનત્વને પામેલો આત્મા પણ સંસારને તજીને સાધુ ન બની શકે, એ શક્ય છે, અથવા તો દેશથી વિરતિને પણ ન પામી શકે, એ પણ શક્ય છે, પરંતુ એના હૈયામાં અવિરતિ પ્રત્યે અનાદર અને વિરતિ પ્રત્યે આદર અવશ્ય હોય. 'અવિરતિ એ પાપરૂપ જ છે, હું અવિરતિમાં બેઠો છું એટલે પાપમાં જ બેઠો છું, વિરતિને પામ્યા વિના કોઈ કાળે મારો ઉદ્ધાર થવાનો નથી.'

–આવી બધી માન્યતાઓ એના હૈયામાં સુદૃઢ હોય. આથી એને એમ લાગે જ કે 'હું સંસારને તજી શકતો નથી અને એથી મારે

ગૃહસ્થપણામાં રહેવું પડે છે, એટલે મારે ઘર વગેરેની જરૂર પડે છે, બાકી ચિંતા કરવા લાયક તો જિનમંદિરાદિ જ છે. **ઘર બાંધવું એ પાપનું કારણ અને જિનમંદિરાદિ બાંધવાં એ ધર્મનું કારણ. ઘરમાં પાપની પ્રવૃત્તિઓ થવાની અને જિનમંદિરાદિમાં પ્રભુભક્તિની પ્રવૃત્તિઓ થવાની. હું ઘરમાં રહું ને ઉદરનિર્વાહ ભીખ માગીને કરું તો તે અનુચિત છે, મારા ધર્મને લજવનાર છે, માટે મારે પેઢી આદિ ધંધાદારી સ્થાનો સેવવાં પડે, બાકી સેવવા લાયક તો ધર્મસ્થાનો જ છે.** માતા-પિતા કર્મે આપ્યાં છે, છતાં એમનો મારા ઉપર મોટો ઉપકાર છે, એટલે એમની મારે ચાકરી તો કરવી જ જોઈએ, પણ ખરેખર ચાકરી કરવા લાયક તો ગુરુઓ જ છે. કુટુંબીજનો સાથેનો સંબંધ કર્મે જોડેલો છે, છતાં હું એ સંબંધમાં છું, એટલે એ સંબંધને પણ મારે નિભાવવો તો પડે છે. કેમ કે ભગવાને ઉચિતનું ઉલ્લંઘન કરવાની ના પાડી છે અને સંબંધને નિભાવવો પડે છે, માટે એમનાં સુખ-દુઃખની મારે ચિંતા ય કરવી પડે; પણ મારા ખરા સંબંધીઓ, મારા કલ્યાણકારી કુટુંબીજનો તો મારા સાધર્મિક જ છે, કેમ કે એ સંબંધ તો ધર્મે જોડેલો છે. હું એવા સ્થાને છું કે, **ધન મેળવ્યા સિવાય, રાખ્યા સિવાય અને ગૃહકાર્યાદિમાં ખર્ચ્યા સિવાય ચાલે તેમ નથી, બાકી મેળવવા લાયક, સાચવવા લાયક, વિનિમય કરવા લાયક તો એક ધર્મ જ છે. ધર્મ તારે અને ધન ડુબાડે.'** જૈનના હૈયામાં આવી આવી જ લાગણીઓ હોય. એ કરતો બધું દેખાય; જોનારને કદાચ એમ પણ લાગી જાય કે, આ ઘર, પેઢી, માતા-પિતા કુટુંબીઓ અને ધન પાછળ જ પોતાની બધી શક્તિ અને બધી સામગ્રી ખર્ચી રહ્યો છે, પણ એના અંતઃકરણમાં જિનમંદિરને જે સ્થાન હોય, તે સ્થાન ઘરને હોય નહિ, ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોને જે સ્થાન હોય, તે સ્થાન પેઢી આદિને હોય નહિ, ગુર્વાદિને જે સ્થાન હોય, તે સ્થાન માતા-પિતાદિને હોય નહિ અને ધર્મને જે સ્થાન હોય, તે સ્થાન ધનને હોય નહિ. એને જિનમંદિરાદિ તરફ રાગ હોય અને એ રાગમાં એને કલ્યાણ લાગતું હોય, જ્યારે ઘર આદિ તરફ રાગ હોય તો ખરો, પણ 'એ રાગ મને ડુબાડનારો છે' એમ એને લાગતું હોય ! આ કરણીની વાત નથી, પણ મનોવૃત્તિની વાત છે.

## જૈનપણું આવે તો મનોવૃત્તિ ફર્યા વિના રહે નહિ :

આવી મનોવૃત્તિવાળો અવસરે શાસનને, ધર્મસ્થાનોને,

સાધર્મિકાદિને અને ગુર્વાદિને એવો ઉપયોગમાં આવી જાય કે, જેવો આવી મનોવૃત્તિ વિના સંસારના સુખના લોભથી કે ગાડરિયા પ્રવાહની જેમ રોજ જિનમંદિરે પૂજાદિમાં અને ઉપાશ્રયે ધર્મક્રિયાદિમાં દેખાનારો ઉપયોગમાં આવે નહિ. આ મનોવૃત્તિ હોય અને સાધનની મુશ્કેલીના કારણે રોજ પૂજનાદિ ન કરી શકતો હોય અથવા તો તેવા પ્રકારના કર્મોદયથી બહુ ધર્મક્રિયાઓ ન કરી શકતો હોય, તો પણ જો કોઈ વખત જિનમંદિરાદિ ઉપર આફત આવી હોય અને એ એના જાણવામાં આવી જાય, તો એ અવસરે આફતના નિવારણ માટે, એ શું કરે અને કેટલું કરે, એ કહેવાય નહિ, કદાચ જાતને હોમી દેતાં પણ એ અચકાય નહિ. એવો કોઈ અવસર આવી લાગે, ત્યારે જણાઈ આવે કે, ઘર વગેરે આને જેટલું ગમતું નથી, તેટલું જિનમંદિરાદિ ગમે છે.

જેના હૈયામાં જૈનત્વ પ્રગટ્યું હોય, તેના હૈયામાં આવી મનોવૃત્તિ ન હોય, તો કઈ મનોવૃત્તિ હોય ? જૈન કુળમાં જન્મેલા હોય, જિનમંદિરાદિમાં જનારા હોય, ભગવાનની ભક્તિ કરનારા હોય અને ગુરુઓના મુખે સાંભળીને 'આ મનુષ્યજન્મ બહુ દુર્લભ છે' વગેરે વગેરે બોલનારા પણ હોય, પણ જો આ મનોવૃત્તિ ન હોય અને આ મનોવૃત્તિને કેળવવાનો પ્રયાસ પણ ન હોય, તો એ જૈનત્વને સમજેલા છે, એમ કહેવાય નહિ.

**જિનમંદિરાદિ તરવાનાં સ્થાન અને ઘર આદિ ડૂબવાનાં સ્થાન છે, એટલો નિર્ણય જો જૈનને ન હોય, તો એ જૈન કહેવાતો હોવા છતાંય જૈનત્વને એ પામેલો છે એમ કહેવાય નહિ. જૈનપણું આવે, એટલે મનોવૃત્તિ ફરી ગયા વિના રહે નહિ.**

તમારા હૈયામાં પહેલું સ્થાન કોને ? ઘરને કે જિનમંદિરને ? પેઢીને કે ઉપાશ્રયને ? માતા-પિતાને કે ગુરુવર્યોને ? કુટુંબીજનોને કે સાધર્મિકોને ? ધનને કે ધર્મને ? તમે ઘર આદિને સંભાળો છો ખરા, પણ એ તમારા મનને ગમતી વાત તો નહિ ને ? એનાથી ક્યારે છુટાય, એમ મનમાં તો ખરું ને ? એનો રાગ ખટકે ખરો ને ? અને સામગ્રીનો વ્યય કરવા લાયક તથા સેવવા લાયક સ્થાનો તો જિનમંદિરાદિ જ છે, એમ તમારા હૈયામાં તો છે જ ને ?

જૈન પહેલો તો જિનનો જ હોય ને ? આ મનોવૃત્તિ ન હોય, તો લાવો. આવી મનોવૃત્તિ જેના જેના હૈયામાં હોય, તે બધાનાં ઘર એ જિનશાસનનાં ઘર છે. તમારું ઘર જિનશાસનનું ઘર બની જાય એવી મારી ઇચ્છા છે. તમારામાં પણ એવી ઇચ્છા તો ખરી જ ને ?

## દેવદ્રવ્યોમાંથી શ્રાવકો પાસે પૂજા કરાવવાની વાતો :

**આજે આટલા બધા જૈનો જીવતા હોવા છતાં પણ અને એમાં સમૃદ્ધિશાળી જૈનો હોવા છતાં પણ એક બૂમરાણ એવી પણ ઊપડી છે કે 'આ મંદિરોને સાચવશે કોણ ? સંભાળશે કોણ ? ભગવાનની પૂજા માટે કેસર વગેરે જોઈએ, તે ક્યાંથી લાવવું ? પોતાની કહેવાતી ભગવાનની પૂજામાં પણ દેવદ્રવ્યનો ઉપયોગ શા માટે ન થાય ?' એથી આજે એવો પણ પ્રચાર ચાલી રહ્યો છે કે 'ભગવાનની પૂજામાં દેવદ્રવ્યનો ઉપયોગ કરવા માંડો.' કોઈ કોઈ ઠેકાણે તો એવાં રીતસરનાં લખાણો થવા લાગ્યાં છે કે, મંદિરની આવકમાંથી પૂજાની વ્યવસ્થા કરવી ! આવું વાંચીએ કે સાંભળીએ, ત્યારે એમ થઈ જાય છે કે, શું જૈનો ખૂટી પડ્યા ? દેવદ્રવ્ય ઉપર સરકારની દાનત બગડી છે - એમ કહેવાય છે, પણ આજે વાતો એવી ચાલી રહી છે કે, દેવદ્રવ્ય ઉપર જૈનોની દાનત બગડી છે, એમ લાગે. નહિ તો ભક્તિ પોતાને કરવી છે અને તે માટે દેવદ્રવ્ય વાપરવું છે, એ બને જ શી રીતે ?**

**આપત્તિકાળમાં દેવદ્રવ્યમાંથી ભગવાનની પૂજા કરાવાય, એ વાત જુદી છે અને શ્રાવકોને પૂજા કરવાની સગવડ દેવદ્રવ્યમાંથી દેવાય, એ વાત જુદી છે. જૈનો શું એવા ગરીબડા થઈ ગયા છે કે, પોતાના દ્રવ્યથી ભગવાનની દ્રવ્યપૂજા કરી શકે તેમ નથી ? અને એ માટે દેવદ્રવ્યમાંથી તેમની પાસે ભગવાનની પૂજા કરાવવી છે ?**

જૈનોના હૈયામાં તો એ જ વાત હોવી જોઈએ કે 'મારે મારા દ્રવ્યથી જ ભગવાનની દ્રવ્યપૂજા કરવી છે !' દેવદ્રવ્યની વાત તો દૂર રહી, પણ અન્ય શ્રાવકના દ્રવ્યથી પણ પૂજા કરવાનું કહેવામાં આવે, તો જૈનો કહેતા કે 'એના દ્રવ્યથી અમે પૂજા કરીએ, તેમાં અમને શો લાભ ? અમારે તો અમારી સામગ્રીથી ભક્તિ કરવી છે !'

શ્રાવકે દ્રવ્યપૂજા શા માટે કરવાની છે ? આરંભ અને પરિગ્રહમાં ગ્રસ્ત જો છતી શક્તિએ દ્રવ્યપૂજા કર્યા વિના જ ભાવપૂજા કરે, તો તે

પૂજા વાંઝણી ગણાય. શ્રાવક પરિગ્રહના વિષને ઉતારવા માટે ભગવાનની દ્રવ્યપૂજા કરે. પરિગ્રહનું ઝેર ઘણું ને ? એ ઝેરને ઉતારવા માટે દ્રવ્યપૂજા છે. મંદિરમાં જાય ને કોઈ કેસરની વાટકી આપે, તો એનાથી પૂજા કરે, તો એમાં એના પરિગ્રહનું ઝેર ઊતરે ખરું ? પોતાનું દ્રવ્ય વપરાયું હોય, તો એમ પણ થાય કે 'મારું ધન શરીરાદિને માટે તો ઘણું વપરાય છે, એમાં ધન જાય છે ને પાપ વધે છે, જ્યારે ત્રણ લોકના નાથની ભક્તિમાં મારું જે કાંઈ ધન વપરાય, તે સાર્થક છે.' **પોતાના દ્રવ્યથી પૂજા કરવામાં ભાવવૃદ્ધિનો જે પ્રસંગ છે, તે પારકા દ્રવ્યથી પૂજા કરવામાં નથી. ભાવને પેદા થવાનું કારણ જ ન હોય, તો ભાવ પેદા થાય શી રીતે ?**

## ધનહીન શ્રાવક સામાયિક લઈને જિનમંદિરે જાય :

**સભા : સગવડના અભાવે જેઓ જિનપૂજા કર્યા વિના રહી જતા હોય, તેમને સગવડ આપવામાં આવે, તો લાભ થાય ને ?**

જિનપૂજા કરવાની સગવડ કરી આપવાનું મન થાય એ સારું છે, તમને એમ થાય કે 'અમે તો અમારા દ્રવ્યથી રોજ જિનપૂજા કરીએ છીએ, પણ ઘણા શ્રાવકો એવા છે કે, જેમની પાસે એવી સગવડ નથી. તેવાઓ પણ જિનપૂજાના લાભથી વંચિત ન રહી જાય, તો સારું.' તો એ તમને શોભતું જ ગણાય, પણ એમ થવાની સાથે જ એમ પણ થવું જોઈએ કે 'પોતાના દ્રવ્યથી જિનપૂજા કરવાની જેઓની પાસે સગવડ નથી, તેઓને અમારા દ્રવ્યથી સગવડ કરી આપવી જોઈએ.' આવું મનમાં આવતાં, 'જેઓની પાસે પૂજા કરવાની સગવડ નથી, તેઓ પણ પૂજા કરનારા બને એ માટે પણ અમારે અમારા દ્રવ્યનો વ્યય કરવો'-આવો નિર્ણય જો તમે કરો, તો તે તમારે માટે લાભનું કારણ છે, પણ જિનપૂજા કરનારનો પોતાનો મનોભાવ કેવો હોય, એની આ વાત ચાલી રહી છે.

**સભા : બીજાના દ્રવ્યથી પૂજા કરનારને સારો ભાવ આવે જ નહિ ?**

બીજાના દ્રવ્યથી જિનપૂજા કરનારને માટે સારો ભાવ આવવાનું કારણ કયું ? પોતાની પાસે જિનપૂજા માટે ખર્ચી શકાય, -એ પ્રમાણેનું દ્રવ્ય નથી અને જિનપૂજાથી વંચિત રહેવું, -એ ગમતું નથી, એ માટે જો

એ પારકા દ્રવ્યથી જિનપૂજા કરતો હોય, તો એને 'પૂજામાં પારકું દ્રવ્ય વાપરવું પડે છે અને પોતાનું દ્રવ્ય વાપરી શકતો નથી'-એ ખટકે છે, એમ નક્કી થાય છે, એટલે એની ઈચ્છા તો પોતાના દ્રવ્યથી જ પૂજા કરવાની થઈને ? શક્તિ નથી, એ પૂરતો જ એ પારકા દ્રવ્યથી પૂજા કરે છે ને ? તક મળે, તો પોતાના જ દ્રવ્યથી પૂજા કરવાનું, એ ચૂકે નહિ ને ? આવી મનોવૃત્તિ હોય તો સારો ભાવ આવી શકે, કારણ કે જેને પરિગ્રહની મૂર્ચ્છા ઉતારીને પૂજાનું સાધન આપ્યું, તેની એ અનુમોદના કરતો જ હોય. પણ વિચારવા જેવી વાત એ છે કે, આજે જે લોકો પોતાના દ્રવ્યનો વ્યય કર્યા વિના જ પૂજા કરે છે, તેઓ શું એવા ગરીબડા છે કે, પૂજા માટે કાંઈ ખર્ચ કરી શકે જ નહિ ?

જે શ્રાવકો ધનહીન હોય, તેઓને માટે તો શાસ્ત્રે કહ્યું છે કે, એવા શ્રાવકોએ ઘેર સામાયિક લેવું. પછી જો કોઈનું એવું દેવું ન હોય કે,-જે દેવાને કારણે ધર્મની લઘુતા થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તેવું હોય, -તો એ શ્રાવક સામાયિકમાં રહીને અને ઈર્યાસમિતિ આદિના ઉપયોગવાળો બનીને જિનમંદિરે જાય. ત્યાં જઈને એ શ્રાવક જુએ કે 'અહીં મારી કાયાથી બની શકે, એવું કોઈ ગૃહસ્થનું દેવપૂજાની સામગ્રીનું કાર્ય છે ખરું ?' જેમ કે કોઈ ધનવાન શ્રાવકે પ્રભુપૂજા માટે પુષ્પો મેળવ્યાં હોય અને તે પુષ્પોની ગૂંથણી કરવાની હોય. આવું કોઈ કાર્ય હોય, તો એ શ્રાવક સામાયિક પારીને, એ કાર્ય કરવા દ્વારા, દ્રવ્યપૂજાનો પણ લાભ લઈ લે.

શાસ્ત્રે અહીં સ્પષ્ટ કર્યું છે કે, દ્રવ્યપૂજાની સામગ્રી પોતાની પાસે છે નહિ અને દ્રવ્યપૂજા માટે જરૂરી સામગ્રીનો ખર્ચ નિર્ધનપણાને કારણે પોતે કરી શકે તેમ નથી, એટલે સામાયિક પારીને પારકી સામગ્રી દ્વારા એ આ પ્રમાણેનો લાભ લે, તે યોગ્ય જ છે. વળી **શાસ્ત્રે એમ પણ કહ્યું છે કે, રોજ જે અષ્ટપ્રકારી આદિ પૂજા કરી શકે તેમ ન હોય, તેણે છેવટે રોજ અક્ષતપૂજા કરવા દ્વારા પૂજાનું આચરણ કરવું.**

## સંઘની સામગ્રીથી પૂજા કરનારાઓને...

**શાસ્ત્રોમાં આવી આવી સ્પષ્ટ વાતો કહેલી હોવા છતાં પણ શ્રાવકો પાસે દેવદ્રવ્યના કેસર આદિથી પૂજા કરાવવાની વાતો આજે શાસ્ત્રપાઠોના**

**નામે પણ કરવામાં આવે છે અને તેમાં દા'ડે દા'ડે સંમતિ આપનારાઓ વધતા જાય છે.**

જિનપૂજા અંગે આજે કેટલેક સ્થળે ન્હાવા આદિની વ્યવસ્થા થએલી છે, પણ ત્યાં શું બને છે, એ તો જુઓ ! ન્હાનારા ૧૫૦૦ ને પૂજા કરનારા ૫૦૦ જેવી દશા આવવા લાગી છે. પૂજા કરનારાઓ પણ પૂજા કરી છે, તે જાણે ઉપકાર કરતા હોય, એવું વર્તન મોટે ભાગે રાખે છે. પૂજા કરીને વાટકી ને થાળી ગમે તેમ રખડતી મૂકી દે છે ને ? પૂજાનાં કપડાં કાઢીને જેમ-તેમ ફેંકી દે છે ને ? **પૂજાનાં કપડાં માટેય શાસ્ત્રે તો એ વિધિ કહ્યો છે કે, બને ત્યાં સુધી બીજાનાં કપડાં પહેરવાં નહિ અને પોતાનાં કપડાં પણ બહુ જ ચોખ્ખાં રાખવાં, નહિ તો આશાતનાનું પાપ લાગે.**

કુમારપાળ રાજાનાં પૂજા કરવા માટેનાં વસ્ત્રો, એક વાર બાહડ મંત્રીના નાના ભાઈ ચાહડે વાપર્યાં, એટલે કુમારપાળે એ વસ્ત્રો પૂજા માટે ન પહેરતાં, ચાહડને નવાં વસ્ત્રો લાવવાનું કહ્યું. ચાહડે કહ્યું કે, આ વસ્ત્રો બંબેરા નામની નગરીથી આવે છે અને ત્યાંનો રાજા જે વસ્ત્રો મોકલે છે, તે એક વાર પોતે વાપરીને પછી જ અહીં મોકલે છે. તરત જ કુમારપાળે પૂજા માટેનાં વસ્ત્રો બીજા કોઈએ પણ વાપર્યા વિનાનાં મળે-એવી વ્યવસ્થા કરવાની આજ્ઞા કરી. એ માટે કુમારપાળે ઘણું દ્રવ્ય ખર્ચાવ્યું હતું. કેમ કે શક્તિ અનુસાર ભાવના જાગ્યા વિના રહે નહિ.

મહારાજા શ્રેણિક રોજ જવલા ઘડાવતા. આવા આવા દાખલાઓ મોજૂદ છે ને ? આ તમે સાંભળેલું ખરું કે નહિ ? સાંભળેલું છતાં તમારી પૂજા માટેની સામગ્રી તમારી શક્તિ અનુસાર ખરી ? **આપણે ત્યાં પશ્ચાનુપૂર્વી ક્રમે પણ વિવેચન આવે, પૂર્વાનુપૂર્વી ક્રમે પણ વિવેચન આવે અને અનાનુપૂર્વી ક્રમે પણ વિવેચન આવે. અહીં દેવપૂજાની વાત પછીથી મૂકી અને સંવિભાગની વાતને આગળી મૂકી, તેમાં જે હેતુ છે, તે હેતુ સમજવા જેવો છે. પોતાનું છોડવાની અને તેનો સદુપયોગ કરવાની વૃત્તિ વિના પૂજા કરે, તો ય પૂજામાં કશો ભલીવાર આવે નહિ.** સામાન્ય સ્થિતિનો પણ ઉદાર હૃદયનો શ્રાવક જે રીતે દેવપૂજાદિ કરી શકે, તે રીતે તો કૃપણ એવો શ્રીમંત પણ દેવપૂજાદિ કરી શકે નહિ.

કેટલાક પૂજા કરનારાઓ ભગવાનને તિલક કરે છે, તેય એવા અવિવેકથી કરે છે કે જાણે પૂજાની કોઈ કાળજી જ ન હોય. ભગવાન પ્રત્યે એને કેટલું બહુમાન હશે, એવો વિચાર એને પૂજા કરતો જોઈને આવી જાય. **જો ભગવાન પ્રત્યે સાચો ભક્તિભાવ હોત, 'ભગવાનની પૂજા મારે મારા દ્રવ્યથી જ કરવી જોઈએ' એવો ખ્યાલ હોત અને 'કમનસીબ છું કે મારા દ્રવ્યથી હું જિનપૂજા કરવા સમર્થ નથી'-એમ લાગતું હોત, તો એ કદાચ સંઘે કરેલી વ્યવસ્થાનો લાભ લઈને પૂજા કરત, તો પણ તે એવી રીતે કરત કે, એની પ્રભુભક્તિ અને ભક્તિ કરવાની મનોજાગૃતિ તરત જ જણાઈ આવત. પોતાના દ્રવ્યથી પૂજા કરનારાઓને એ હાથ જોડતો હોત અને પોતાની કાયાથી જિનમંદિરની તથા જિનમંદિરની સામગ્રીની જેટલી સારસંભાળ થઈ શકે તેમ હોય, તે કરવા એ ચૂકતો ન હોત. આજે તો આવી સામાન્ય પણ વાતો, જો સાધુઓ કહે, તોય કેટલાકોને તે ભારે લાગે છે.**

## સ્વ-દ્રવ્યથી જ ધર્મકૃત્ય કરવાના આગ્રહવાળા બે નોકરનું મનનીય ઉદાહરણ :

ભગવાનની પૂજા કરવાનો સાચો ભાવ જેના હૈયામાં પ્રગટે, તેને પોતાના ખર્ચે પૂજાની સામગ્રી મેળવવાનું મન થયા વિના રહે જ નહિ. એને એમ જ થાય કે 'મારે પૂજા કરવી હોય અને મારી પૂજાનું ફળ જો મારે મેળવવું હોય, તો મારે મારી શક્તિ મુજબ પણ મારા ખર્ચે જ મેળવેલી સામગ્રીથી ભગવાનની પૂજા કરવી જોઈએ.'

શાસ્ત્રમાં અભયંકર નામના શેઠના બે નોકરોની કથા આવે છે. એ કથા તો બહુ લાંબી છે, પણ એની શરૂઆતનો ભાગ આ વિચારણામાં બહુ ઉપયોગી છે. અભયંકર શેઠ જેવા સુખી હતા, તેવા જ ધર્મનિષ્ઠ હતા. એમને ત્યાં બે નોકરો હતા. એક નોકર ઘરના કામકાજ માટે રાખેલો હતો અને એક નોકર ગાયોને ચરવા લઈ જવા માટે રાખેલો હતો. એ નોકરો જોતા કે 'આપણા શેઠ સુખી છે અને રોજ પૂજા, દાન આદિ ધર્મને પણ આચરે છે.' બન્ને નોકરો ભદ્રક પ્રકૃતિના હોવાથી એ બન્નેયના હૈયા ઉપર શેઠના ધર્મકરણીની સારી છાપ પડ્યે જતી હતી.

**બીજાની ધર્મકરણીની પણ સારી છાપ તેના જ હૈયામાં પડે છે કે, જેનામાં કાંઈક પણ યોગ્યતા હોય. લાયક આત્માઓ જ સારી ચીજને પણ**

**સારી નજરે જોઈ શકે છે. નાલાયકો તો સારાં કામ કરે નહિ અને સારાં કામ કરનારની નિંદાદિ કરવા દ્વારા પાપ બાંધે.**

જેનું મિથ્યાત્વ જોરદાર હોય, તે સારાની સારી કરણીને પણ સારી કરણી તરીકે જોઈ શકે નહિ. અનુમોદનામાં પણ ધર્મ કહ્યો છે, તે અમથો નથી કહ્યો. **અનુમોદના કરવા માટેય હૈયાની લાયકાત જોઈએ છે. જે ચીજ ગમે નહિ, તેની અનુમોદના સાચા ભાવે થાય શી રીતે ? અને સાચા ભાવે અનુમોદના કરનારો, તક મળે તો એ ચીજ પોતે કર્યા અને કરાવ્યા વિના પણ રહે શાનો ?**

એકવાર એ બન્ને નોકરો એકલા બેઠા બેઠા વાતો કરતા હતા. તેમાં પોતાના શેઠની વાત નીકળી. બન્ને જણા વિચારવા લાગ્યા કે 'આપણા શેઠ બહુ ભાગ્યશાળી ! આપણા શેઠના ત્રણેય ભવ સારા ! કેમ કે પૂર્વભવમાં આપણા શેઠે સારાં કાર્યો કરેલાં, એટલે આ ભવમાં આપણા શેઠ પુણ્યનો ભોગવટો કરી રહ્યા છે અને આ ભવમાં શેઠ એવાં કાર્યો કરે છે કે, જેથી તે આવતા ભવમાં પણ સુગતિ પામીને સુખને જ ભોગવનારા બનવાના !' પોતાના શેઠ અંગે આવો વિચાર કરવાની સાથે એ બન્નેએ પોતાનો એવા પ્રકારનો વિચાર કર્યો કે 'આપણે પૂર્વે કાંઈ સારું કરેલું નહિ, એટલે આ ભવમાં આપણી આવી સ્થિતિ છે અને આ ભવમાં પણ આપણે કાંઈ સારું કરી શકતા નથી, એટલે આપણો આવતો ભવ પણ નકામો જ નીવડવાનો છે !'

પોતાના બન્ને નોકરો અંદર અંદર આ વાત કરતા હતા, તે ભાગ્યવશાત્ શેઠના કાને પડી ગઈ. પોતાના નોકરોની આ વાત સાંભળીને શેઠને થયું કે 'જીવો લાયક છે. આવા જીવોને જો યોગ્ય સામગ્રીનો યોગ કરી આપ્યો હોય, તો જરૂર આ જીવો ધર્મને પામી જાય !'

શેઠે આ વાત ધ્યાનમાં રાખી લીધી અને જ્યારે ચોમાસીનો દિવસ આવ્યો, એટલે જિનમંદિરે પૂજા કરવા જતાં શેઠે પોતાના એ બન્ને નોકરોને સાથે લીધા. નોકરોને જિનમંદિરે લઈ જવા હતા, એટલે એમને પણ શેઠે ઠીક ઠીક વસ્ત્રાદિ પહેરાવ્યાં અને પછી કહ્યું કે 'ભગવાન જિનેશ્વરદેવની પૂજા કરવા માટે તમે આ પુષ્પો ગ્રહણ કરો !' એ વખતે

પેલા બન્ને જણા કહે છે કે 'એ તો જેનાં પુષ્પો હોય, તેને ફળ મળે. અમારે તો મજૂરી માત્ર થઈ કહેવાય.' આમ કહીને એમણે પોતાના વતીની પૂજા માટે શેઠનાં પુષ્પોને ગ્રહણ કરવાની ના પાડી દીધી !

નોકરો શું ભણેલા છે ? શા સંસ્કાર છે ? કેટલી સમજણ છે ? કાંઈ નહિ. પણ આ તો સામાન્ય અક્કલનો સવાલ છે ને ? **'શેઠનાં ફૂલ અમે ભગવાનને ચડાવીએ, તેમાં અમને શું ફળ મળે ? એટલું એ અજ્ઞાન અને અસંસ્કારી નોકરોને પણ સમજાયું અને શ્રાવકના કુળમાં ઉત્પન્ન થયેલા, ગુરુઓના પરિચયમાં આવેલા, વ્યવહારમાં કુશળ બનેલા તમને આવો વિચાર ન આવે, તો સમજવું શું ? તમને એમ ન સૂઝે કે 'પૂજા કરવી છે મારે, પૂજાનું ફળ મેળવવું છે મારે અને કોઈની વાટકી, કોઈનું કેસર અને કોઈનાં ફૂલ લઈને જો હું પૂજા કરું, તો એમાં મારું વળે શું ?'**

શેઠે પોતાના એ બન્નેય નોકરોને ભગવાનની પુષ્પપૂજા કરવા માટે બહુ સમજાવ્યા, પણ તે એકના બે થયા નહિ ! એમણે એક જ વાત કહી કે 'અમે કરીએ તો અમારાં પુષ્પોથી જ પૂજા કરીએ, બાકી નહિ !' નોકરોના આવા વલણથી, શેઠ ગુસ્સે થતા નથી, કારણ કે શેઠ સમજુ છે. પછી શેઠ એ બન્ને નોકરોને ગુરુ મહારાજની પાસે લઈ જાય છે અને ગુરુ મહારાજને વાત કરે છે. તેઓશ્રીને પણ લાગે છે કે 'જીવો લાયક છે.' ગુરુ મહારાજ એ બન્નેને કહે છે કે 'પુષ્પથી પણ ભગવાનની પૂજા જો ભાવપૂર્વક કરી હોય, તો તે ઘણા મોટા ફળને દેનારી થાય છે, તમારી પાસે થોડું પણ દ્રવ્ય છે કે નહિ ?'

ગુરુ મહારાજે આ પ્રમાણે પૂછ્યું, પણ શેઠનાં પુષ્પોથી પૂજા કરવાનો ઉપદેશ આપ્યો નહિ. ગુરુ મહારાજે એ પ્રમાણે પૂછવાથી, શેઠના એ બે નોકરોમાંનો જે એક નોકર ગાયોને ચરાવવાનું કામ કરનારો હતો, તે બોલ્યો કે 'ગુરુદેવ ! મારી પાસે દ્રવ્ય તો છે, પણ એ ઘણું થોડું છે. મારી પાસે માત્ર પચીસ કોડી જ છે ! એટલે ગુરુ મહારાજે કહ્યું કે 'થોડું પણ તપ અને દાન આદિ જો પોતાની શક્તિ ગોપવ્યા વિના જ શુદ્ધ ભાવથી કરવામાં આવે, તો તેથી વિપુલ ફળની પ્રાપ્તિ થાય છે !'

ગુરુ મહારાજના મુખેથી આવો જવાબ સાંભળતાં એ ગોપાલક નોકરને બહુ જ આનંદ થયો. એને લાગ્યું કે 'આટલામાં પણ હું

ભગવાનની ભક્તિ કરી શકું છું, એટલે બસ છે !' તરત જ તે ત્યાંથી ઊઠ્યો. શેઠ પણ સાથે ગયા. પોતાની પાસે જે દ્રવ્ય હતું, તે સર્વ દ્રવ્યનાં એ નોકરે પુષ્પો ખરીદ્યાં અને એ પુષ્પો દ્વારા એણે બહુ ઉલ્લાસપૂર્વક ભગવાનની પૂજા કરી ! આ રીતે ગુરુ મહારાજ પાસેથી ઊઠીને ગોપાલક નોકર પૂજા કરવા ગયો, પણ શેઠનો બીજો નોકર તો ત્યાંનો ત્યાં જ બેસી રહ્યો. પેલો ગયો, પણ આ ઊઠ્યો નહિ. એનું મન તત્કાળ ઉદ્વિગ્ન બની ગયું. એને થયું કે 'એની પાસે એટલું થોડું પણ દ્રવ્ય હતું અને મારી પાસે તો કાંઈ નથી ! હું શું કરું ?'

ઉદ્વિગ્નપણે તે બીજો નોકર આવો વિચાર કરતો હતો, ત્યાં જ એક માણસને તેણે ગુરુ મહારાજની પાસેથી પ્રત્યાખ્યાન ગ્રહણ કરતો જોયો. ગુરુ મહારાજ પચ્ચખ્ખાણ આપી રહ્યા, એટલે શેઠનું ઘરકામ કરનારા આ નોકરે, ગુરુ મહારાજને પૂછ્યું કે 'હે ભગવન્ ! આ માણસે આ શું કર્યું ?' ગુરુ મહારાજ કહે છે કે 'ભદ્ર ! આ માણસે આજે તપ કર્યો.' આમ કહીને ગુરુ મહારાજે તેને તપના અંગીકારનો વિધિ સમજાવ્યો અને તપ કરવાથી કેવું ફળ મળે છે, તે પણ તેને કહ્યું.

આ સાંભળીને એ નોકરે તરત જ તપ કરવાનો નિર્ણય કરી લીધો. એને લાગ્યું કે 'પૈસા નથી, તો પૈસા વિના પણ થઈ શકે એવું આ ઉત્તમ કાર્ય છે !' એની પાસે જો પૈસા હોત, તો એ પોતાના દ્રવ્યનો વ્યય કરીને પૂજા કર્યા વિના રહેત નહિ, પણ એની પાસે પૈસા નહોતા, એટલે એનું મન લાચાર બની ગયું હતું આમ છતાંય પૈસા વિના પણ જે ધર્મકૃત્ય થઈ શકે તેમ હોય, તે ધર્મકૃત્ય કરવાની એની મનોવૃત્તિ તો હતી જ. એટલે એણે ઝટ ગુરુ મહારાજની પાસે ઉપવાસનું પચ્ચખ્ખાણ કરી લીધું.

**છતે પૈસે પૈસા વગર થતા ધર્મને જે શોધે, એનામાં તો પૈસાની મૂર્ચ્છાનો અતિરેક ગણાય. પૈસાવાળો તો પૈસાથી થતો ધર્મ પણ કરે અને સાથે સાથે કાયાદિથી થઈ શકે, તેવો ધર્મ પણ કરે. જેની પાસે જે હોય, તે તેનો શક્તિ અને ભાવના મુજબ ધર્મ કરવામાં ઉપયોગ કરે.** તમને આ વાત તો સમજાય છે ને ? આ નોકરે પૈસા બચાવવા માટે, પૈસા વગર થઈ શકે એવો ધર્મ નહોતો શોધ્યો, એ વાત તમારા ખ્યાલમાં આવી ગઈ કે નહિ ?

સારો શેઠ મળવાથી આ રીતે બન્ને નોકરો ધર્મકાર્ય કરી શક્યા. તમારા નોકરમાં લાયકાત ભાળો, તો એને ધર્મ પમાડવાનું મન તમને થાય ને ? તમારા ઘરનું કોઈ ધર્મથી વંચિત ન રહી જાય, એવી ઈચ્છા તો ખરીને ? તમે તમારાથી બનતી મહેનત કરો, છતાં કોઈ ધર્મને ન પામી શકે, તો વાત જુદી છે, પણ તમારા મનમાં તો એમ ખરું ને કે, આ બધાને ધર્મ પમાડવો છે ? તમારા નોકરોને તમારી કરણી જોઈને તમારા માટે કેવો વિચાર આવે ? નોકરમાં યોગ્યતા હોય, તો તમારી બધી રીતભાત તો એવી ને કે, એને તમારી પુણ્યાઈની પ્રશંસા કરવાનું મન થાય જ ?

આવાં ઉદાહરણો જ્યારે જ્યારે સાંભળો, ત્યારે ત્યારે જાતનો પણ વિચાર કરનારા બનો ! વિચાર કરવો કે 'અભયંકર શેઠની છાપ જેવી તેમના નોકરોના હૈયા ઉપર પડી, તેવી છાપ મારા નોકરોના હૈયા ઉપર, મારા માટે પડી છે ખરી ? નથી પડી, તો એમાં દોષ મારો છે કે નોકરોનો જ છે ? મારી નાલાયકાતથી મારા નોકરોના હૈયામાં મારા વિષયમાં સારી છાપ પડી નથી કે નોકરો એવા નાલાયક છે કે, હું સારો હોવા છતાં પણ તેમના હૈયા ઉપર મારા વિષયમાં સારી છાપ પડી નથી ?' આવો વિચાર કરો, તો એમ થવામાં જો તમારો દોષ હોય, તો તે તમારા ખ્યાલમાં આવે અને એ દોષને કાઢવાનું મન થાય ! 'અભયંકર શેઠ બહુ સારા' એમ કહીને વાતને માંડી વાળો નહિ. ઝટ વિચાર કરવો કે 'એ શેઠ સારા હતા, તો હું શા માટે સારો બની શકું નહિ ?'

એક પૂજા કરીને અને બીજો ઉપવાસનું પચ્ચખ્ખાણ કરીને આમ બન્ને નોકરો હૈયામાં ખૂબ ખૂબ હર્ષ પામતા શેઠની સાથે શેઠના ઘેર આવ્યા. ભોજનવેળા થઈ હતી, એટલે બન્નેને તેમને માટેનાં ભાણાં મળી ગયાં. શેઠનું ઘરકામ કરનાર નોકરે ઉપવાસ કર્યો હતો, છતાં પણ તેણે પોતાનું ભાણું પીરસાવ્યું. એણે વિચાર કર્યો કે, 'મને આ ભોજન મારા કામના બદલામાં મળે છે, એટલે આ ભોજન મારા હક્કનું છે. આ ભોજન મારું રળેલું છે, એટલે મારા પુણ્યે જો કોઈ મુનિરાજ અત્યારે અહીં આવી જાય, તો હું તેમને મારું આ ભોજન વહોરાવી દઉં !'

ઘરકામ કરનારો નોકર જેવો નોકર પણ કેવો વિચાર કરે છે, એ

તો જુઓ ! જિનપૂજામાં પણ પોતાના દ્રવ્યથી જ જિનપૂજા કરવાનો આગ્રહ અને ગુરુને વહોરાવવાનો આગ્રહ અને ગુરુને વહોરાવવામાં પણ પોતાના હક્કનું જ ભોજન વહોરાવવાનો આગ્રહ ! ભક્તિનો ભાવ જ્યારે સાચા રૂપમાં પ્રગટે છે, ત્યારે હૈયામાં કેવી કેવી સ્ફુરણાઓ પ્રગટે છે, એ જાણવા માટે આ ઘણું જ સુંદર ઉદાહરણ છે. **પારકા દ્રવ્યથી જ અને હવે તો એથી પણ આગળ વધીને દેવદ્રવ્યના ખર્ચે પણ જિનપૂજા કરવા-કરાવવાની વાતો કરનારાઓ જો પોતાના હૈયાને ખોલીને આવી વાતો વિચારે, તો એમને ખ્યાલ આવે કે, એમના વિચારો કેટલા બધા ઉન્માર્ગ તરફ ઘસડાઈ રહ્યા છે.**

પેલો નોકર પોતાનું રળેલું ભોજન જો કોઈ પણ મુનિરાજ મળી જાય, તો તેમને તે વહોરાવી દેવાનો નિર્ણય કરીને, ઘરના બારણા પાસે આવીને ઊભો રહ્યો. એવામાં એક મુનિરાજ ભિક્ષા માટે આવી ચડ્યા. ગ્લાનાદિના કાર્યને અંગે એ દિવસે એ મહાત્મા ઉપવાસ કરી શકેલા નહિ, એટલે ભોજનવેળાએ ગોચરી વહોરવા માટે એ નીકળેલા અને પેલા નોકરનું ભાગ્ય એવું સારું કે, એ મુનિરાજ ત્યાં જ આવી પહોંચ્યા.

મુનિરાજને જોતાં તો આ નોકરના હર્ષે ઉછાળો માર્યો ! એને તરત જ વિચાર આવ્યો કે 'રંક એવો હું ક્યાં અને આવા મુનિરાજ ક્યાં ? તેમાં વળી મારું રળેલું દ્રવ્ય ક્યાંથી ?' મારા જેવા રંકને આવા મુનિરાજનો યોગ ક્યાંથી થાય અને કદાચ આવા મુનિરાજનો યોગ મને થઈ જાય, પણ તે વખતે આવા મુનિરાજને આપી શકાય, એવું દ્રવ્ય મારી પાસે મારું રળેલું ક્યાંથી હોય ? એ વખતે એને એમ પણ થાય છે કે 'આ બધો યોગ સૂચવે છે કે, આવતા ભવમાં ચોક્કસ મને કોઈ અદ્‌ભુત સંપત્તિ પ્રાપ્ત થવાની છે ! આવી સામગ્રી કદી પણ અન્યથા થાય નહિ !' આ વિચારમાં ખૂબ આનંદપૂર્વક અને સંતોષપૂર્વક એ નોકરે પોતાનું સઘળુંય ભોજન મુનિરાજને વહોરાવી દીધું.

શેઠ આ બધું જોતાં હતા અને જોઈને પ્રસન્ન થતા હતા ! પોતાના નોકરને આ પ્રમાણે સઘળું ય મુનિરાજને વહોરાવી દેતો જોઈને શેઠ પણ ખૂબ પ્રમોદ પામ્યા. શેઠે પોતાના નોકરોને પણ કેવું ભોજન પીરસાવ્યું હશે ? **તમારે ત્યાં તો મોટે ભાગે શેઠનું ખાણું જુદું અને નોકરનું ખાણું જુદું,**

**એવું જ હોય છે ને ? કહે છે કે, નોકર ઉપર સારી છાપ પડતી નથી, પણ નોકર ઉપર સારી છાપ પડે, એવો તમારો વ્યવહાર જ ક્યાં છે ?**

શેઠે જોયું કે, આ નોકરે તો કાંઈ પણ રાખ્યા સિવાય પોતાનું બધું જ ભોજન વહોરાવી દીધું છે, એટલે શેઠે તેના ભાણામાં બીજું ભોજન પીરસાવવા માંડ્યું, કેમ કે એમને ખબર નહોતી કે, આજે આણે ઉપવાસ કર્યો છે. ગોપાલક નોકરની સાથે શેઠ જ્યારે જિનમંદિરમાં ગયેલા, તે વખતે આણે ઉપવાસનું પચ્ચખ્ખાણ કરી લીધેલું અને પછી કોઈનેય એણે એ વિષયમાં કહેલું નહિ. ઉપવાસ કર્યાનો એને હર્ષ ઘણો હતો, પણ પોતાના હર્ષને પોતાના હૈયામાં સમાવવાની લાયકતા એનામાં હતી.

એ નોકરે જે સંયોગોમાં ઉપવાસનું પચ્ચખ્ખાણ કર્યું હતું, તે સંયોગોમાં તમે કોઈ ધર્મકૃત્ય કર્યું હોય, તો એ બીજાઓને કહ્યા વિના તમે રહી શકો ખરા ? પોતાની પાસે કાંઈ પણ ધન ન હોવાથી જ એ પૂજા કર્યા વિના રહી ગયો હતો, એટલે એને તો એમ કહેવાનું સહેજે મન થઈ જાય કે 'મારા મિત્રે પૂજા કરી, તો મેં વગર પૈસે ય અપૂર્વ કર્યું છે !' પણ જીવ બહુ લાયક છે, એટલે એને એવું બોલવાનો વિચાર સરખોય આવ્યો નથી.

શેઠે જ્યારે ફરીથી ભોજન પીરસવાનું કહ્યું, ત્યારે બીજા નોકરે ના પાડી અને કહ્યું કે 'આજે મારે ઉપવાસ છે.' શેઠ કહે છે કે 'તો પછી તેં પહેલાં શા માટે ભોજન લીધું હતું ? શેઠના મનમાં એમ છે કે, આ નોકરે મુનિરાજને વહોરાવી દીધું, એટલા માટે તો ઉપવાસ કરવા ઈચ્છતો નથી ને ?

પેલો નોકર કહે છે કે 'એ ભોજન મારું હતું, એટલે મારા ભોજનનો હું શા માટે ત્યાગ કરું ?' એટલે કે મારા હક્કના ભોજનનો મને ગમતો ઉપયોગ કરવાને બદલે એનો અસ્વીકાર હું શું કામ કરું ? આવા જવાબથી શેઠ અધિક પ્રસન્ન થયા અને આ બનાવ બન્યો તે દિવસથી તો તે બન્ને નોકરો ઉપર શેઠે અધિક વાત્સલ્ય કરવા માંડ્યું, કેમ કે હવે તો એ નોકરો છતાં પણ સાધર્મિક થઈ ગયાને ?

## શ્રાવકોને ડુબાડી દેવાનો ધંધો :

અભયંકર શેઠના એ બે નોકરો નહોતા પૂજાની વિધિને જાણતા કે

નહોતા ભગવાન જિનેશ્વરદેવોના ગુણસમૂહને પિછાણતા, પણ પોતાના શેઠને લીધે એમને પૂજા કરવાનું મન થયું હતું. 'અને 'દેવપૂજા એ પુણ્યકરણી છે અને આ ભગવાન એ દેવ છે'-એવી સામાન્ય સમજ હતી. એના યોગે એમના હૈયામાં પોતાના દ્રવ્યથી પૂજા કરવાનો શુભ પરિણામ જન્મ્યો ને ? એ બન્ને નોકરોને તે પછી જે ભાવોલ્લાસ જન્મ્યો, તે ભાવોલ્લાસ જો તેમણે શેઠનાં પુષ્પોથી પૂજા કરી હોત, તો જન્મત ખરો ? 'અમારે પૂજા કરવી હોય, તો તે અમારે અમારા દ્રવ્યથી જ કરવી જોઈએ'-એ પ્રકારની એમની મનોદશાએ એમને કેવા સુંદર ભાવોલ્લાસની તક પમાડી દીધી ?

**તમે તમારી પાસે દ્રવ્ય હોવા છતાં પણ પારકાં દ્રવ્યોથી પૂજા કરો, તો તેમાં 'આજ મારું દ્રવ્યવાનપણું સાર્થક થયું' એવો ભાવ પ્રગટવા માટે કાંઈ અવકાશ છે ખરો ?** ખરેખર ભક્તિના ભાવમાં ખામી આવી છે, એટલે આ આજે આડા-અવળા વિચારો સૂઝે છે. જિનમંદિરમાં રાખેલી સામગ્રીથી જ પૂજાદિ કરનારાઓ વિવેકહીનપણે વર્તે છે, તેનું કારણ શું ? **પોતાની સામાન્ય કિંમતની ચીજોને પણ તેઓ જેટલી સાચવે છે, તેટલી દેરાસરની ભારે કિંમતની ચીજને પણ તેઓ સાચવતા નથી, જ્યારે ખરી રીતે તો જિનમંદિરની કે સંઘની નાનામાં નાની, સાધારણમાં સાધારણ કિંમતની ચીજને પણ સારામાં સારી રીતે સૌ કોઈએ સાચવવી જોઈએ.**

**આજે 'મારે મારા દ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ' - એ વાત વિસરાતી જાય છે અને એથી જે સ્થળે જૈનોનાં સંખ્યાબંધ ઘરો હોય, તેમાં પણ સુખી સ્થિતિવાળાં ઘરો હોય, ત્યાં પણ કેસર-સુખડ આદિના ખર્ચ માટે બૂમો પડવા લાગી છે. આના ઉપાય તરીકે દેવદ્રવ્યથી જિનપૂજન કરવાનું કહેવાને બદલે, સામગ્રીસંપન્ન જૈનોને પોતપોતાની સામગ્રીથી શક્તિ મુજબ પૂજા કરવાનો ઉપદેશ આપવો જોઈએ.**

**દેવદ્રવ્યના રક્ષણ માટે પણ આ દેવદ્રવ્યમાંથી શ્રાવકોને પૂજા કરવાની સગવડ કરી દેવાનો ઉપાય વાજબી નથી. દેવદ્રવ્યનો દુરુપયોગ થતો અટકાવવો હોય અને સદુપયોગ કરી લેવો હોય, તો આજે જીર્ણ મંદિરો ઓછાં નથી. બધાં જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરવાનો નિર્ણય કરો, તો તેને પહોંચી વળે, એટલું દેવદ્રવ્ય પણ નથી. પરંતુ દેવદ્રવ્યમાંથી શ્રાવકો માટે પૂજા કરવાની વ્યવસ્થા કરવી અને શ્રાવકોને દેવદ્રવ્યથી આવેલી સામગ્રી**

**દ્વારા પૂજા કરતા બનાવી દીધા, એ તો તેમને તારવાનો નહિ પણ ડુબાવી દેવાનો ધંધો છે.**

## પૂજા ગાંઠના-પોતાના દ્રવ્યથી જ કરવી જોઈએ :

જિનપૂજા કાયિક, વાચિક અને માનસિક-એમ ત્રણ પ્રકારે પણ કહી છે. જિનપૂજા માટે જરૂરી સામગ્રી પોતે એકઠી કરવી તે કાયિક, દેશાંતરાદિથી તે સામગ્રી મંગાવવી તે વાચિક અને નંદનવનનાં પુષ્પો આદિ જે સામગ્રી મેળવી શકાય તેમ નથી, તેની કલ્પના કરવા દ્વારા તેનાથી પૂજા કરવી તે માનસિક ! પારકી સામગ્રીથી પૂજા કરનારાઓ આ ત્રણમાંથી કયા પ્રકારની પૂજા કરી શકવાના હતા ?

**શાસ્ત્રોએ તો ગૃહમંદિરમાં ઉત્પન્ન થયેલા દેવદ્રવ્યથી ગૃહમંદિરમાં પૂજા કરવાની પણ મનાઈ કરી છે. ગૃહમંદિરમાં ઊપજેલ દેવદ્રવ્ય દ્વારા સંઘના જિનમંદિરમાં પૂજા કરવામાં પણ દોષ કહ્યો છે અને ગાંઠના દ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ, એવું વિધાન કર્યું છે.** તીર્થયાત્રાએ જતાં કોઈએ ધર્મકૃત્યમાં વાપરવા માટે કાંઈ દ્રવ્ય આપ્યું હોય, તો તે દ્રવ્યને પોતાના દ્રવ્યની સાથે ભેળવી દઈને, પૂજાદિ કરવાની પણ શાસ્ત્રે મનાઈ કરી છે અને કહ્યું છે કે 'પહેલાં દેવપૂજાદિ ધર્મકૃત્યો ગાંઠના દ્રવ્યથી જ કરવાં અને તે પછી બીજાએ જે દ્રવ્ય આપ્યું હોય, તેનો સર્વની સાક્ષીએ, એટલે કે 'આ અમુકના દ્રવ્યથી કરું છું'-એમ કહીને ધર્મકૃત્યો કરવાં.

સામુદાયિક ધર્મકાર્ય કરવાનું હોય, તેમાં જેનો જેટલો ભાગ હોય, તે સર્વ સમક્ષ જાહેર ન કરે, તો પણ પુણ્યનો નાશ થાય અને ચોરી આદિનો દોષ લાગે, એમ શાસ્ત્રે કહ્યું છે. જો શાસ્ત્રોમાં કહેવાએલી આ બધી વાતો વિચારવામાં આવે, તો સૌને આ બધી વાતો બરાબર સમજાવી શકાય અને એથી જિનભક્ત એવા સર્વ શ્રાવકોને લાગે કે, આપણે આપણી શક્તિ મુજબ પણ આપણા ગાંઠના દ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ.

## નહિ કરનાર છતાં મનોભાવ સારો અને કરનાર છતાં મનોભાવ ખરાબ : બે વણિકોનું ઉદાહરણ :

**સભા : ગમે તેમ પણ જિનપૂજા કરે, તો તેથી થોડો ઘણો પણ લાભ થાય ને ?**

જિનપૂજા ગમે તેમ કરે અને તો પણ તેથી લાભ જ થાય, આવું વળી ક્યાંથી લઈ આવ્યા ? કરે પૂજા, પણ આશાતના થાય એવી રીતે કરે, તોય લાભ થાય ? મનોભાવ ઉપર તો ફળનો મોટો આધાર છે. **મનોભાવની તરતમતાના કારણે તો ફળમાં પણ તરતમતા રહે છે. મનોભાવ વિપરીત પ્રકારનો થઈ જાય, તો લાભને બદલે હાનિ પણ થઈ જાય.**

શાસ્ત્રમાં બે વણિકોનું એક ઉદાહરણ આવે છે. બે વણિકોમાં એકનું નામ નંદક હતું અને બીજાનું નામ ભદ્રક હતું. એ બન્નેની દુકાનો પાસેપાસે હતી.

નંદક નામના વણિકે રોજ દેવપૂજા કરવાનો નિયમ ગ્રહણ કર્યો હતો. રોજ સવારે તે પહેલાં પૂજા કરવા જતો અને પૂજા કરીને આવ્યા પછી તે પોતાની દુકાન ખોલતો, જ્યારે ભદ્રક રોજ સવારે ઊઠીને સીધો પોતાની દુકાને જતો.

નંદકને પૂજા કરવા માટે જતો જોઈને, ભદ્રક રોજ વિચાર કરતો કે 'ધન્ય છે આ નંદકને. કારણ કે અન્ય સર્વ કૃત્યોને તજી દઈને, આ રોજ સવારે જિનેશ્વરદેવની પૂજા કરે છે ! હું કેવો નિર્ધન, પાપી અને ધન કમાવાની લાલસામાં પડેલો છું કે, જેથી સવારે દિવસ ઊગ્યે અહીં આવું છું અને પામરોનાં મોઢાં જોઉં છું ! ધિક્કાર છે મારા જીવિતને અને મારા ગોત્રને પણ ધિક્કાર છે !' આવા વિચારો એને રોજ આવતા હતા અને એથી શાસ્ત્ર કહે છે કે 'આવા પ્રકારના ધ્યાન રૂપ પાણીથી એ પોતાના પાપમળને ધોતો હતો તથા પોતાના પુણ્યબીજને સીંચતો હતો.'

એક તરફ પૂજા નહિ કરનારા ભદ્રકની જ્યારે આવી મનોદશા વર્તતી હતી, ત્યારે બીજી તરફ રોજ પૂજા કરનારા નંદકની એથી ઊલટી જ મનોદશા વર્તતી હતી. નંદક વિચારતો હતો કે 'હું જે વખતે દેવપૂજા કરવા જાઉં છું, તે વખતે આ ભદ્રક એકલો જ વેપાર કરે છે, એટલે એ ઘણું ધન કમાઈ જશે ! મેં અભિગ્રહ લઈ લીધો છે, એટલે બીજું કરું પણ શું ? બાકી પૂજાનું ફળ તો બહુ દૂર છે, જ્યારે અત્યારે તો મને ધનની જ હાનિરૂપ ફળ મળી રહ્યું છે !' આવા આવા કુવિકલ્પોથી શાસ્ત્ર કહે છે કે, એ પોતાની પૂજાના ફળને હારી ગયો !

પૂજા નહિ કરવા છતાં પણ ભદ્રકને સારા મનોભાવના યોગે લાભ

થઈ ગયો અને પૂજા કરવા છતાં પણ નંદકને ખરાબ મનોભાવના યોગે લાભ થવાને બદલે હાનિ પ્રાપ્ત થઈ ! આથી જિનપૂજામાં પણ મનોભાવ જેમ બને તેમ સારો જ રાખવો જોઈએ અને પરિણામ સારાં રાખ્યા વિના ધાર્યું પરિણામ આવે નહિ.

## આવા કાળમાંય શાસનની સુંદર પ્રભાવના થઈ શકે :

આ ઉદાહરણ ઉપરથી ધનહીન શ્રાવકો પણ કેવા પ્રકારે લાભ લઈ શકે, એ વસ્તુ સૂચિત થાય છે. પોતે ધનહીન હોય, તો પોતે પૂજાદિ ન કરી શકતા હોય, પણ જે ધનસંપન્ન ભક્તો પૂજાદિ કરતા હોય, તેમની અનુમોદના તો એ કરી શકે ને ? પૂજા કરનારાઓની અનુમોદના કરવા સાથે, શાસ્ત્રની વિધિ મુજબ જિનમંદિરે જઈને, પોતાની કાયાથી બની શકે તેવાં જિનમંદિરનાં અને જિનભક્તિનાં કાર્યો તો એ કરી શકે ને ? પણ પૂજા માટે કશો જ ખર્ચ કરી ન શકે તેવી સ્થિતિ હોય, એવા જૈનો આજના વિષમ કાળમાં ય થોડા જ છે.

પૂજા માટે થોડું પણ ખર્ચ કરી શકે, એવા જૈનો તો આજની સ્થિતિમાં પણ મોટી સંખ્યામાં છે. જો આ બધાને આ વસ્તુ બરાબર સમજાઈ જાય, તો આ કાળમાં પણ ભાગ્યે જ કોઈ મંદિરને કેસર, સુખડ આદિ માટે ચિંતા કરવાની જરૂર પડે ! કદાચ કોઈ ઠેકાણે ખૂટતું હોય, તો આજે સુખી જૈનો પણ એટલા છે કે એને પહોંચી શકે. ખરી ખામી તો ભગવાન પ્રત્યેની ભક્તિના ભાવમાં જ આવતી જાય છે અને એ ખામીથી અનેકવિધિ અનર્થો જન્મ્યા કરે છે. જેના હૈયામાં ભક્તિનો ભાવ જાગે, તે તો વિધિ આદિને ન જાણતો હોય, તેમ છતાંય પોતાનાથી જે કાંઈ લાવી શકાય તે લાવીને, ભગવાનના ચરણે ધર્યા વિના રહે નહિ.

તમને ઘર આદિ કરતાં ઘરમંદિરાદિ વધારે ગમતાં બની જાય, અને 'આ મનુષ્યજન્મમાં આવીને મારે જેમ બને તેમ પાપથી નિવૃત્ત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ', એમ લાગી જાય; તો આ કાળમાં પણ શાસનની સુંદર પ્રભાવના થઈ શકે. બહારની ખરાબી કરતાં પણ અંતઃકરણની ખરાબી બહુ જ નુકસાનકારક નીવડે છે. જેનું અંતઃકરણ સ્વચ્છ બની જાય છે, તેને માટે મુશ્કેલીમાં પણ ધર્મારાધન સહેલું બની જાય છે અને

મન મલિન હોય, તો ઘણી સારી સામગ્રીનો યોગ પણ ધર્મારાધનને સુલભ બનાવતો નથી.

આ મનુષ્યજન્મનાં જ્ઞાનીઓએ કયા વિશિષ્ટ હેતુથી વખાણ કર્યાં છે, એ વાત જો તમારા ખ્યાલમાં બરાબર આવી જાય, તો તમારા સઘળા પ્રયત્નની દિશા જ ફરી જાય. પછી તમે સાધુ ન બની શકો, તો પણ ગૃહસ્થપણામાં ય ઉત્તમ જીવનને જીવનારા બની શકો અને દુર્ગતિઓ તો તમારાથી દૂર જ ભાગતી ફરે. હવે તો તમે એ માટે પ્રયત્ન કરવાના જ ને ? 'જોઈએ છે એક મોક્ષ અને જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી ધર્મસામગ્રી તથા ધર્મસાધનની અનુકૂળતા જોઈએ છે.'-આ સિવાયની કોઈ ઈચ્છા ન રહે, તો પણ આ જીવન ઘણે અંશે સાર્થક થઈ જાય.

* * *

## મહારંભના હિસ્સેદારો, જિનમંદિરોના વહીવટો ને વીજળીની લાઈટો :

નરકના આયુષ્યના આશ્રવનું પહેલું કારણ 'પંચેંદ્રિય પ્રાણીનો વધ' છે અને બીજું કારણ 'મહા આરંભ' છે. મહા આરંભ આજે તો તમને ખોટું સ્થાન-માન અપાવનાર છે ને ? જ્યાં એમ લાગે કે, આના યોગે જ દુનિયામાં મોટું સ્થાન મળે તેમ છે અથવા મારી નામના મહા આરંભને લીધે છે, એટલે મહા આરંભ ખરાબ લાગે કે સારો લાગે ? એનાથી મળતી નામના ગમે, તો એ મહા આરંભ ખરાબ ન લાગે, પણ સારો લાગે. 'મારે આટલી પેઢીઓ છે અને પેઢીઓ છે માટે લોક મને પૂછે છે, બાકી પેઢીઓ ન હોય તો પૂછે કોણ ?' એમ થાય, એટલે એ ગમે છે-એમ નક્કી થાય. આ બધું એકદમ છૂટે ? આજે તમે ભલે મહા આરંભને મૂકી દઈ શકો નહિ, પરંતુ મહા આરંભ નરકે લઈ જનાર છે-એ વાત હૈયે રહેવી જોઈએ.

મહા આરંભ નરકે લઈ જઈ શકે તેમ છે, એ વાતનો ખ્યાલ આવે, તો 'ક્યારે હું આનાથી છૂટી જાઉં ? ક્યારે હું આને ઓછો કરી નાખું ?' -એવી એવી ઈચ્છાઓ જાગે. મહા આરંભ તજવા જેવો છે, એમ લાગે

અને 'મહા આરંભમાં હું પડ્યો છું તે ઠીક નથી', એમ લાગે, તો ઘણા માનસિક પાપથી બચી શકાય.

**જે આરંભમાં ઘણા જીવોની હત્યા થતી હોય; તેવા આરંભને મહા આરંભ કહેવાય છે. પંદર કર્માદાન વગેરે મહારંભમાં ગણાય. જેમાં ઘણાં કઠોર કર્મો કરવાં પડતાં હોય, જેમાં ઘણા જીવોને ત્રાસ ઊપજતો હોય, જેમાં ત્રસ જીવોની ભારે હિંસા થતી હોય, આ જાતના ધંધા આદિ મહારંભમાં ગણાય. કારખાનાં વગેરે મહારંભમાં ગણાય.**

મહારંભ ન કરવા છતાં પણ મહારંભમાં હિસ્સો હોય, એવાઓ આજે તો ઘણા છે ને ? શેરહોલ્ડરો એ મહારંભના હિસ્સેદારો છે. જે કારખાનાના શેર હોય, તે કારખાનાની કમાણીમાં રાજી થાય અને એ કારખાનું ખોટમાં જાય, તેમાં નારાજ થાય. કારખાનું વધારે કમાણી ક્યારે કરી શકે ? વધારે વખત ચાલે તો ને ? જેમ જેમ ઉત્પાદન વધે, તેમ તેમ શેરહોલ્ડરો રાજી થાય અને જેમ જેમ રાજી થાય, તેમ તેમ એ મહારંભના પાપથી બંધાય.

**સભા : શેર તો અમે વ્યાજ ઉપજાવવા માટે રાખીએ છીએ, તેમાં કારખાનાનું પાપ કેમ લાગે ?**

કારખાનું સારું ચાલે છે, એવા સમાચારથી રાજી થાવ કે નહિ ? કારખાનું ખોટ ન કરે, એવી ઇચ્છા થાય ખરી કે નહિ ? કારખાનું બંધ થઈ જાય નહિ, એવું મનમાં ખરું ને ? ત્યારે વ્યાજ માટે તમે તમારા મનને કેવાં ભયંકર પાપોમાં યોજી દીધું છે ?

**સભા : એમ તો દેરાસરના પૈસાનું વ્યાજ ઉપજાવવા માટે પણ શેરો લેવાય છે.**

**એવી રીતે દેરાસરનો વહીવટ કરવાનું કોણે કહ્યું ? દેરાસરનો અને દેવદ્રવ્યનો વહીવટ કેમ કરવો, એ માટે શાસ્ત્રમાં તો ઘણું કહ્યું છે, પણ તે ન સાંભળે ત્યાં કરવું શું ? એક તો વ્યાજ વધારે ઉપજાવવાનો ખોટો મોહ વધ્યો અને સાથે સાથે 'મારા વહીવટમાં દેરાસરની મૂડી આટલી વધી'-એમ કહેવાય, તેનો મોહ વધ્યો, એટલે બીજું જોયું નહિ અને મૂડી વધારવાનું જ લક્ષ્ય રાખ્યું.** દેરાસરમાં શું કરવું જોઈએ, એનો વિચાર કેટલાએ કર્યો ? જો દેવદ્રવ્યનો બરાબર ઉપયોગ કરવામાં આવે, તો આજે કેટલેક ઠેકાણે

દેરાસરોમાં મૂડી દેખાય છે, તે મૂડી દેખાય શાની ? પણ **દેરાસરોનો વહીવટ મોટે ભાગે સ્વચ્છંદીપણે જ થવા લાગ્યો છે.**

**જિનમંદિરાદિ ધર્મસ્થાનોમાં કાયમી આરંભ ન કરવો જોઈએ-એમ વારંવાર કહેવાય છે, પણ એ તરફ લક્ષ્ય અપાતું નથી અને વીજળીના દીવા રાખવાની પ્રવૃત્તિ વધતી જ જાય છે. એ સ્થિતિ આવવા માંડી છે કે, સગવડ ન હોય, તો જ વીજળીના દીવા ન હોય.** આ તો પ્રાસંગિક વાત થઈ. આપણે તો સાંસારિક મહારંભનો વિચાર કરી રહ્યા છીએ. મહારંભો ખૂબ જ વધી રહ્યા છે, એમ તો આજે કોઈનેય કબૂલ કરવું પડે તેમ છે. આમ શાથી બને છે ? મહારંભનો ડર ગયો, માટે ને ?

ગૃહસ્થને આરંભાદિ કરવા પડે, તો પણ એમાં એની હેયબુદ્ધિ જીવતી હોય, તો મહારંભ તરફ મન મળે નહિ ને ? કદાચ મહારંભ કરવો પડે, તોય હૈયે એનું કેટલું દુઃખ હોય ? મહારંભ પણ નરકના આયુષ્યના આશ્રવનું એક કારણ છે, એમ જાણીને આજે તમે મહારંભને મૂકી દેશો ? મહારંભ નહિ કરનારાઓનો પણ મહારંભમાં ભાગ તો છે ને ? હવે તમે બધા શૅરો કાઢી નાખવાના ને ? મહારંભનો કોઈ શૅર ખરીદવાના નહિ ને ? **ઘરમાં કે મંદિરમાં વીજળીની બત્તી આવી, એટલે અહીંની બત્તી માટે કારખાનું-પાવર હાઉસ ચાલુ રહેવું જોઈએ, એમ થાય ને ? બટન દબાવ્યું ને બત્તી થઈ નહિ, તો મનમાં શી અસર થાય ? 'કારખાનું કેમ બંધ થયું ? શું બગડી ગયું ? ઝટ ચાલુ થાય તો સારું !' -એમ થાયને ? જ્યાં બત્તી ચાલુ થાય, એટલે 'ઠીક થયું' એમ થાય ને ? ત્યારે એ કારખાનાનું પાપ તમને પણ લાગે કે નહિ ?**

એ તો કહો કે, તમે આટલા બધા આઝાદીના પ્રેમી હોવા છતાં આટલી બધી ગુલામી ક્યાંથી ખરીદી લીધી ? દીવામાં પરાધીન ! પવનમાં પરાધીન ! પાણીમાંય પરાધીન ! આજે ઠેર ઠેર નળ, ચકલીઓ થઈ ગઈ, પણ જે દિ' પાણી ખૂટશે, તે દિ' મારી નાખશે ને ? કોઈ વાર વીજળીના કારખાના ઉપર તવાઈ આવે, તો વગર મોતે મરવાનો વખત આવે ને ?

કૂવા હોત તો આટલી પંચાત હોત ? પહેલાં કૂવા પૂરવાની બેવકૂફી કરી અને હવે ઉઘાડવા માંડ્યા છે. કૂવા, નદી નગેરેનું પાણી વપરાતું,

ત્યારે પાણીનો આરંભ આજના આરંભ કરતાં સોમા ભાગે પણ નહિ હોય ને ? આજે તો નળ નીચે માથું અને ઉપર નળ ખુલ્લો ! પાશેર પાણીની જગ્યાએ પાંચ શેર પાણી વપરાય ને ? એ પાણીના નિકાલ માટેનું પાપ પણ કેટલું ? કૂવા વગેરેમાંથી પાણી લાવવાનું હોત, તો સ્ત્રીઓ પણ ઓછું પાણી વાપરવાનું કહેત, કેમ કે મજૂરી કરવી પડે અને માથે લાવવું પડે !

**ઘરમાં તો મહારંભનો કાયમી સંબંધ જોડી દીધો, પણ જિનમંદિરાદિમાંય એ પાપ ઘાલી દીધું. વીજળીના દીવા પણ આવ્યા અને નળ પણ આવ્યા ને ? દેરાસરમાં વીજળીના ગોળા પણ કેવા રાખવા માંડ્યા છે ? બરાબર ભગવાનની સામે જ રાખે અને તે પણ ભારે પ્રકાશના રાખે. પ્રકાશ એટલો બધો હોય છે કે, મૂર્તિનું લાવણ્ય અને આંગીની મનોહરતા મારી જાય.** તમારી સામે કોઈએ એટલા દીવા ધર્યા હોય, તો તમે ભાગી જ જાવ. પહેલાં દીપક રહેતા તે હાલતા-ચાલતા રહેતા અને પ્રકાશ સૌમ્ય હોય એટલે મૂર્તિનું લાવણ્ય ખીલી ઊઠતું અને આંગીના ચળકાટનાં સ્થાનો બદલાયા કરે, એટલે બધું ઝગમગ થયા કરે વીજળીના દીવાઓમાં આંખો ઠરવી મુશ્કેલ બને, ગરમી પણ વધે અને પછી ભાવવૃદ્ધિમાં ઊણપ આવે, તેમાં નવાઈ પણ શી છે ? ઉપરાંત જોખમ ઘણું અને મહારંભ સાથે હંમેશનું જોડાણ !

**સભા : આ બાબતમાં ઉપયોગ અપાય તો ફેર પડે.**

ઉપયોગ નથી અપાયો અગર નથી અપાતો એવું નથી, પણ કેટલાક વહીવટદારોને જાણી જોઈને આ કરવું છે. આ અંગે એક વાર હિલચાલ ઊપડી હતી. કેટલાક જૈનો એવા નીકળેલા કે, દેરાસરમાં જઈને તાર કાપી આવે. તાર કાપવાનું હથિયાર સાથે લઈને જાય અને વીજળીના સંબંધ તોડી નાખે. બે-ત્રણ વાર એવું થયું, એટલે એમના માટે ચોકીઓ મુકાઈ, તે વખતે **બધેથી આચાર્યોના અભિપ્રાયો પણ મંગાવાએલા અને બધાએ વીજળીના દીવાઓ જિનમંદિરાદિમાં નહિ જોઈએ, એવા અભિપ્રાયો આપેલા. એ અભિપ્રાયો પ્રગટ પણ થઈ ગયા છે. એટલે આ સંબંધમાં પ્રયત્નો નથી થયા એમ નહિ, પણ આ તો વધતું જ ચાલ્યું.**

**સભા : પણ વીજળીના દીવામાં ખર્ચ ઓછું આવે ને ? ઘી ૧૩૫ રૂપિયે મણ થઈ ગયું !**

**ન થાય એવું કરીને ખર્ચ ઘટાડવાનું કોણે કહ્યું ? પહેલાં દેરાસરમાં જ્યારે ઘીના દીપકોની રોશની થતી, ત્યારે સાક્ષાત્‌ દેવલોક જેવું દેરાસર લાગતું. પંચરંગી ઝુમ્મર, હાંડીઓ વગેરેમાંથી ઘીના દીપકોની મીઠી, ઠંડી રોશની પ્રગટતી અને વાતાવરણ આહ્‌લાદમય બની જતું. જે દર્શન કરવા જાય, તેને બેસી જવાનું મન થતું. આજે તો દર્શન કર્યાં કે ઝટ નીકળ્યા, એવું મોટે ભાગે થઈ ગયું છે. ઘી મોઘું થયું, તેમાં ઘરમાં જેટલું ઘટાડ્યું હોય તેટલું અહીં ઘટાડ્યું હોત, તો વાત જુદી હતી, પણ ઘી મોઘું થયું, એટલે ઘર માટે ઘી લાવવું હોય, તો બહુ ચોકસાઈથી લાવે છે અને દેરાસર માટે 'ગમે તેવું પણ ઘી છે ને ?' એમ કરીને ઉઠાવી લાવે છે. હમણાં હમણાં તો ધર્મસ્થાનો અંગેની ભાવના જ કોઈ વિચિત્ર થતી જાય છે.**

* * *

## દેવદ્રવ્યનો વ્યય કરવાની જરૂર :

ધનની મૂર્ચ્છા આજે ધર્મક્ષેત્રોમાં પણ કેટકેટલી મુસીબતો ઊભી કરે છે ? આજે 'દેવદ્રવ્યનું આમ થઈ જશે અને તેમ થઈ જશે'-એવી વાતો કર્યા કરે છે, પણ દેવદ્રવ્યનો સુયોગ્ય રીતે વ્યય કેમ કરી દેતા નથી ?

સભા : (આ.ક.ની)પેઢીવાળા રાખી મૂકે છે.

**પેઢીની વાત જુદી છે. એને માથે જવાબદારી કેવડી મોટી છે ? એકલા શ્રી સિદ્ધગિરિજી ઉપરનાં મંદિરોને સંભાળવા માટે પણ એને કેટલું બધું દ્રવ્ય જોઈએ ? ત્યારે પેઢી પાસે તો ઘણાં તીર્થોના વહીવટો છે અને એ હિસાબે એની પાસે 'જે મૂડી છે, તે મોટી છે'—એમ કહેવાય નહિ; પરંતુ બીજે જે જે સ્થળે દેવદ્રવ્યનો વધારો હોય, તે તે સ્થળોના વહીવટદારો હજીય મૂર્ચ્છામાં પડ્યા રહેશે, તો કેવું પરિણામ આવશે ? તમે ધારો તો એવું કરી શકો કે, સરકારનો અમલદાર જ્યારે વહીવટ સંભાળવા આવે, ત્યારે એને એમ થાય કે, અહીં વહીવટ સંભાળવા જેવું છે જ શું ? આજે ઠેર ઠેર જીર્ણોદ્ધારની જરૂર છે, ત્યાં દેવદ્રવ્યનો વ્યય કરી દો ને ?**

કેટલાક કહે છે કે 'પછી અહીં પૂજા વગેરેની વ્યવસ્થા શી રીતે કરવી ?' શું એવા સારા શ્રાવકો એટલા ખૂટી ગયા છે કે, દેવદ્રવ્યમાંથી જ વ્યવસ્થા કરવી પડે ? અથવા સાધારણની રકમો કોઈ મંદિરના ઉપયોગ માટે મૂકી ગયું હોય, તોય શું તેના વિના નહિ જ ચાલે ? શ્રાવકો જો નક્કી કરે કે 'અમારે જ જિનની ભક્તિ કરવી છે' તો આમાં

કાંઈ ચિંતા કરવા જેવું છે જ નહિ. અવસરજોગ વર્તતાં આવડવું જોઈએ. કોઈ કાળ દાગીના ચઢાવવા જેવો પણ હોય અને કોઈ કાળ દાગીના ન ચડાવવા જેવો પણ હોય, સંઘ જયવંતો વર્તે છે. તમે કાંઈ નહિ રાખ્યું હોય, એટલે ભવિષ્યમાં કોઈ ભાગ્યવાન સંભાળ લેનાર નહિ નીકળે, એવું માની લેવાની મૂર્ખાઈ શું કામ કરો છો ?

જિનમંદિરોને તો ૨૦૦/૫૦૦ વર્ષ એની પાછળ જોવું જ ન પડે, એવાં બનાવી દેવાં. ચાલુ આવકમાંથી ચાલુ રક્ષણાદિને લગતાં કાર્યો કર્યા કરવાં અને પાસે લાંબી મૂડી રાખવી જ નહિ. જો તમે એમ કરો, તો સરકાર કે બીજાઓ શું કરી શકવાના હતા ?

આજે તમારામાં એવી શક્તિ અગર હિંમત છે કે, તમે સરકારને તમારા ધર્મમાં ડખલ કરીને દેવદ્રવ્યાદિનો ન થાય તેવા માર્ગે ઉપયોગ કરવાનું એ કહે, તો તમે એને અટકાવી શકો ? એ ન હોય, તોય વાણિયાવાળી કુનેહ તો છે કે નહિ ?

એમ કહેવાય છે કે, કોઈ એક ગામમાં એક વાણિયાનું અને મુસલમાનનું ઘર સામસામે હતું. વાણિયો એટલો ડરપોક જાત અને પેલાને વાત-વાતમાં બાંય ચઢાવવાનું મન થાય. કાંઈ ઊંચું-નીચું થાય, એટલે મુસલમાન બોલી નાખે કે 'સાલે બનિયે કો માર ડાલના પડેગા !'

વાણિયાએ વિચાર કર્યો કે 'આનો કાંઈક રસ્તો કરવો જોઈએ, નહિ તો આ કોઈ વખતે હેરાન કરી મૂકશે.' ઘર છોડીને જવાય તેમ નહોતું અને લડવાની શક્તિ કે હિંમત નહોતી. આથી એણે પોતાના ઘરમાં બેસીને, સામે રહેનારો મુસલમાન સાંભળે, તેમ બોલવા માંડ્યું કે 'ભાઈ, હવે તો આ રોજની પંચાત થઈ. એક દા'ડો આની જોડે લડી જ લેવું પડશે. આપણે મજબૂત ચાર માણસોને રાખી લો !'

પેલા મુસલમાને એ સાંભળ્યું એટલે એણે તો તરત જ ચાર માણસોને રાખી લીધા. થોડા દિવસ ગયા, એટલે ફરી પાછો વાણિયો એવી જ રીતે બીજા આઠ માણસોને રાખી લેવાનું બોલ્યો અને એ સાંભળીને પેલા મુસલમાને તરત જ બીજા આઠ માણસોને રાખી લીધા.

આમ, વાતો થતી ગઈ અને મુસલમાનને ત્યાં માણસો વધતા

ગયા. એ બધાંનો ખર્ચ કરતાં મુસલમાને જોયું કે 'આ તો મૂડી સાફ થઈ ગઈ અને હજી લડાઈ તો થઈ જ નથી.' આથી તેણે એક દા'ડો વાણિયાને પૂછ્યું કે 'અબ કબ લડના હૈ ?'

વાણિયો કહે કે 'લડવાનું વળી કેવું ? તમારી સાથે તે લડવાનું હોય ?' મુસલમાન કહે, કે ક્યોં જૂઠ બોલતા હૈ ? કઈ દિનોં સે તો લડને કી તૈયારી કરતા હૈ ઔર કિતને હી આદમી ઈકટ્ઠે કિયે હૈં; લડના હો તો લડ લે; લેકિન નિકમ્મા ખર્ચ ક્યોં કરતા હૈ ?'

વાણિયો હસીને કહે છે કે 'પણ મેં તો એક પણ માણસ રાખ્યો નથી.' પેલો સમજી ગયો કે 'સાલે બનિયેને હમ કો બનાયા.' પણ મૂડી સાફ થઈ ગઈ હતી, એટલે મિજાજ ઊતરી ગયો. આવી રીતે તમે પણ કુનેહ તો વાપરી શકો કે નહિ ? કુનેહ વાપરીને દેવદ્રવ્યાદિનો સદ્વ્યય કરી નાખો, તો પછી સરકાર, કાયદો કે બીજાઓ શું કરી શકશે ?

* * *

## સાત ક્ષેત્રમાં વાપરેલું ધન સાથે આવે :

ગૃહસ્થપણામાં તે જ સુખી કે જેને આરંભ અને પરિગ્રહ અલ્પ હોય અને તેમાં જ મનમાં શાંતિ હોય. મંદિરમાં જઈને, ભગવાનની પૂજા પણ નિરાંતે કરી શકે અને ભગવાન સાથે વાત પણ નિરાંતે કરી શકે. ભગવાનની જ્યારે એ સ્તવના કરે, ત્યારે એના અંતરમાં જાત જાતના ઉમળકા ઊઠે. ભગવાનની સ્તવનામાં એ એવો એકતાન બની શકે કે, એને સ્તવના કરતાં જોવાનું બીજાઓને ગમી જાય. એનો ભાવપૂર્ણ સ્વર સાંભળવાનું બીજાઓને ગમી જાય. ગીતાર્થ ગુરુ દ્વારા જ્ઞાનીની વાણીને પણ એ બરાબર સાંભળી શકે અને એનું ચિંતન કરી શકે. આ સિવાય જેનું મન આરંભ ને પરિગ્રહમાં ભમ્યા કરતું હોય, તેને ઉપાધિ કેટલી હોય ? શી રીતે એ ભગવાનનાં દર્શન કરે, ભગવાનની પૂજા કરે અને ભગવાનને સ્તવે તથા જિનવાણીને એકચિત્તે સાંભળે ? એ ભગવાનના દર્શનાદિ કરે, તોય એમાં એનું મન જે રીતે ઠરવું જોઈએ, તે રીતે ઠરે નહિ.

**સભા : ધનને સાથે લઈ જવાનો કોઈ ઉપાય હોય, તો તે શોધવાનું મન થાય.**

આ ભાઈ કહે છે કે ધનનો મોહ એટલો બધો છે કે જો ધનને સાથે લઈ જવાનું હોય, તો અમે પરલોકમાં પણ ધનને જ સાથે લઈ જઈએ. ધનને સાથે લઈ જઈ શકતા હો, તો તમે ધનને સાથે લઈ ગયા વિના રહો નહિ, પણ એ બની શકે તેવું નથી અને એની મૂર્ચ્છામાં તમે કઈ ગતિમાં જશો, તે તમારે વિચારવાનું છે.

**સભા : ધનને સાથે લઈ જવું હોય, તો તે સાત ક્ષેત્રોમાં વાપરે ને ?**

તમારે માટે ભાઈએ આ ઉપાય શોધી કાઢ્યો, પણ તમારે તો નગદ ધનને સાથે લઈ જવાનો ઉપાય જોઈએ છે ને ? બાકી ધનને સાથે લઈ જવાનો આ ઉપાય બહુ સારો છે. **સાત ક્ષેત્રોમાં સારા ભાવે પોતાના ધનને વાપરનારા, પોતાની પરભવની સ્થિતિ સદ્ધર બનાવે છે.** સાત ક્ષેત્રોમાં આજે તો બહુ અગત્યની જરૂર પણ છે, આજે ઘણાં જિનમંદિરો ઉદ્ધારની અપેક્ષા રાખે છે અને કેટલાંક સ્થળો તો એવાં છે કે, જ્યાં વસનારાઓને જિનપૂજાનો લાભ મળી શકે તથા તેમના ધર્મના સંસ્કારો ભૂંસાતા અટકી જાય, તે માટે ત્યાં જિનાલયો બનાવવાની જરૂર પણ છે. જ્ઞાનભંડારોની અને જ્ઞાનભંડારોમાં રહેલા ગ્રંથોની વ્યવસ્થા જાળવવી હોય, તો તે માટે પણ નાણાંની જરૂર છે. સાધુ-સાધ્વી ક્ષેત્રને માટે બહુ જરૂર નથી, પણ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રની સંભાળ માટે તો આ કાળમાં ઘણાં નાણાં આવશ્યક છે.

આજની વિષમ સ્થિતિમાં ભાગ્યવાનોએ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રની જે કોઈ પણ યોગ્ય રીતે સંભાળ લઈ શકાય તેમ હોય, તે રીતે સંભાળ લેવાની જરૂર છે. સાધુ-સાધ્વીની બહુ ચિંતા કરવી પડે તેમ નથી, એમ અમુક દૃષ્ટિએ કહી શકાય. કારણ કે સાધુ-સાધ્વીને જો માત્ર સંયમની સાધનાનાં જ સાધનોની જરૂર હોય અને તેઓ જો શાસ્ત્રની આજ્ઞા મુજબ વિહરતા હોય, તો આવા ભયંકર કાળમાં પણ સાધુ-સાધ્વીને પ્રાયઃ તકલીફ પડે તેમ નથી. જે વસ્તુઓ વિના, સુખે સંયમનો નિર્વાહ થઈ શકે તેમ હોય, તેવી પણ વસ્તુઓની ઈચ્છા હોય અને નક્કી કરેલા અમુક સ્થાને જ રહેવું હોય, તો એથી તકલીફ પડે એ વાત જુદી છે; બાકી તો, જૈન સંઘ એવો ભાગ્યશાળી છે કે સાધુ-સાધ્વીજીથી ન સહી શકાય એવી અગવડ પ્રાયઃ સાધુ-સાધ્વીજીને આવતી નથી. ગામડામાં

જ્યાં એક નામનો પણ જૈન મળી જાય છે, ત્યાં પણ તે સાધુ-સાધ્વીની સગવડ કર્યા વિના પ્રાયઃ રહેતો નથી.

**સભા : કોઈ કોઈને ફરજિયાત સ્થિરવાસ કરવો પડતો હોય, તો શું થાય ?**

જે સાધુ-સાધ્વીને ફરજિયાત સ્થિરવાસ કરવો પડે તેમ હોય, તેઓની સંયમની સાધના સુખપૂર્વક થઈ શકે એવી રીતે તેમને સાચવે, તેવાં ક્ષેત્રો આજે પણ છે અને કેટલાક ભાગ્યશાળી શ્રાવકો પણ એવા છે કે, જો તેમને ખબર પડી જાય કે અમુક સાધુને કે સાધ્વીને સંયમની સાધનામાં બાધા પહોંચે છે, તો ત્યાં પહોંચી જઈને ઘટતું કર્યા વિના રહે નહિ. એવા શ્રાવકોને ખબર ન પડે અને કોઈને સીદાવાનો પ્રસંગ આવી જાય, તો તે જુદી વાત છે, એટલે **આજે તમારે સાધુ-સાધ્વી ક્ષેત્રને માટે બહુ ધન ખર્ચી નાખવું પડે તેમ નથી, પણ શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને માટે તો સૌએ પોતાનાથી જેટલું વધારે બની શકે, તેટલું કરી લેવા જેવો કાળ આવી લાગ્યો છે.** ધનને સાથે લઈ જવાનો આ સારામાં સારો ઉપાય છે. બાકી જ્યાં આ શરીરને પણ સાથે નથી લઈ જઈ શકાતું, ત્યાં ધનાદિને સાથે ક્યાંથી લઈ જવાનું હતું ?

* * *

## માનસપરિવર્તનની આ કાળમાં વધુ જરૂર છે :

આજે ટીપ કરવા આવનારાઓ છેક અમારી પાસે કેમ આવે છે ? ટીપ કરવા આવેલાઓ જ્યારે અમારી પાસે આવે છે, ત્યારે એમ પૂછીએ છીએ કે 'અમારા સુધી આવવાની શી જરૂર પડી ગઈ ? જેમને આપવાનું છે, તેમની પાસે જવાનું હોય ને ?

તે વખતે એ કહે છે કે 'શું કરીએ ? સરખો જવાબ અહીં મળે છે.' જવાબ અહીં મળે છે, એનો અર્થ તો સમજ્યા ને ? એનો અર્થ એ છે કે આ વાતોને સાંભળવાની અને આ વાતોને સાંભળીને આને અંગે સરખો જવાબ દેવાની ય તમને ગૃહસ્થોને દરકાર નથી ! એટલે તમારે બદલે અમારે જવાબ દેવો પડે છે. અત્યારની સ્થિત કેવી છે, તે અમારે સમજાવવું પડે છે. કહીએ છીએ કે આ લોકો ટીપો ભરી ભરીને ગળા સુધી આવી ગયા છે, એમ એમનું માનવું થઈ ગયું છે. આ વાત બરાબર છે ? તમારી મનોદશા એવી છે, પણ આ વાત બરાબર નથી.

આજે જેટલા સુખી છે, તેમાંના આ ક્ષેત્રમાં આવેલાઓ પણ અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ અનુભવવા જોગું પણ માનસ કેળવે, તો એમાંથી પણ જતે દા'ડે ઘણું સુંદર પરિણામ આવવાની શક્યતા છે. સુખી માણસો સમજીને અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ અનુભવવા જોગું માનસ કેળવે, તે આ કાળમાં વળી વધારે જરૂરી છે. એમને પાછળથી પસ્તાવું નહિ પડે. હમણાં આર્થિક કટોકટી વધતી જાય છે. ક્યારે મિલકત ઘટી જશે કે સાફ થઈ જશે તે કહેવાય નહિ. જેમ ઋણરાહત કાયદો કરવાથી કેટલાકની મૂડી સાફ થઈ ગઈ ને ? તેમ ચાલુ નાણાંનો ભાવ ઘટાડે, તો સાફ થઈ જતાં કેટલી વાર ? આજે કહેવાય છે કે 'આખો દેશ નાગો થતો હોય તો શ્રીમંતોને નાગા કરવા શું ખોટા ?'–આવું કાંઈ બને તે પહેલાં ચેતી જાવ ને માનસ પલટાવી દો, તો ગમે તેવી સ્થિતિમાં પણ તમે તો જરૂર દુર્ધ્યાનથી બચી શકશો.

## બળ નથી, પરંતુ ડહાપણ પણ છે કે નહિ ?

**સભા : ધર્મખાતાં પણ મુશ્કેલીમાં મુકાવાનો સંભવ છે, એમ આજે ઘણાને લાગે છે.**

દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય આદિ ખાતાઓનાં વધારાનાં નાણાનો વ્યવસ્થિત ઉપયોગ કરી લેવાનું, જ્યારે જ્યારે તક મળી ત્યારે ત્યારે કહેવાયું છે અને હમણાં હમણાંથી તો તક મેળવીને પણ ભારપૂર્વક કહેવાય છે, પણ વહીવટદારોનું માનસ જ કોઈ વિચિત્ર લાગે છે. જીર્ણોદ્ધાર અને જ્ઞાનોદ્ધાર આદિ માટે ઘણો સારો ઉપયોગ કરવાની જરૂર છે અને તે હજી થઈ શકે તેમ પણ છે, છતાં આ સૂઝે કોને ? ધર્મખાતાંઓનું દ્રવ્ય ઉચિત સદુપયોગમાં લગાવી દો, તો પછી વહીવટ શાનો કરવો, એ ચિંતા છે કે શું છે ? બેદરકારીથી શું નુકસાન થશે, તેનો વિચાર નહિ કરનારને આ નહિ સૂઝે તે કોઈ પણ વાત શાંતિથી સાંભળો અને ઝીણવટથી વિવેકપૂર્વક વિચારો, તો સમજાય.

**આ કાળમાં ધર્માદા મિલકતો કે ખાનગી મિલકતો સાચવી રાખવા જેવી નથી. એને ફેંકી દેવાની જરૂર નથી. પણ ઉચિત રીતે એનો ઉપયોગ કરવાનું લક્ષ્ય દેવાની જરૂર છે. મંદિરો આદિમાં શ્રીમંતો કરતાં મધ્યમ વર્ગે**

**અને ગરીબોએ આપેલું દ્રવ્ય વધારે છે. જેમના હૈયામાં ભગવાનની ભક્તિ વસી, તેમણે થોડામાંથી પણ થોડું, ખાનપાનના સામાન્ય ખર્ચમાંથી પણ બચાવી બચાવીને આપેલું છે, આવાં નાણાંનો દુરુપયોગ ન થઈ જાય, એની વહીવટદારોને માથે અને સંઘને માથે મોટી જવાબદારી છે.**

'આજે ધર્મ ન જોઈએ, ધર્મનું અસ્તિત્વ નુકસાનકારક છે'-એવી માન્યતા પણ જોર પકડતી જાય છે. આવાઓના હાથમાં રાજસત્તા આવે અને ધર્મને માનનારો વર્ગ નબળો હોય, તો પરિણામો કેવાં આવે ? જેટલા ધર્મો, તેઓએ કરવા ધારેલી વ્યવસ્થાની વિરુદ્ધમાં આવ્યા છે કે આવવાની સંભાવના છે, તે ધર્મોને નામશેષ કરવાની તજવીજ થાય, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

ધર્મોનો ફાળો લોકોના કલ્યાણમાં જ હોય છે, આવી વાતો કરીને લોકકલ્યાણને નામે જનતાના આ ભવના ને પરભવના હિતને હાનિ પહોંચે તેવાં કાર્યો જેમને કરવાં હોય, તેમને ધર્મ આડે આવે છે, એમ લાગે, અને એથી તેઓ એને દબાવવાનો પ્રયત્ન કરે, આવા વખતે ધર્મને માનનારી જનતામાં કદાચ બળ ન હોય, પણ ડહાપણ તો હોય ને ? તમે ધારો તો એવા પ્રયત્નોને ડામી શકો અને તને કદાચ ડામી ન શકો તે કાળમાંય તે નુકસાની કરી જાય નહિ, તેવી સુંદર વ્યવસ્થા કરી શકો. મંદિર, મૂર્તિઓ આદિને ઉપાડી જવાય તેમ નથી, બીજી ક્રિયાઓ એક કે બીજી રીતે તેમનાથી અટકાવી શકાય તેમ નથી, ત્યારે જે કાંઈ જેમની દાનત બગડે તેમના હાથમાં આવે તેવું હોય, તેનો તમે સદુપયોગ કરી લીધો હોય, તો એ શું લઈ જઈ શકવાના હતા ?

જિનની ભક્તિ કોઈ વાર અમુક રીતે થાય અને મુશ્કેલીના કાળમાં જુદી રીતે પણ થાય. **અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં સુખ માનનારાઓ જો વહીવટમાં હોય, તો તેઓ આ કામ બહુ ઝડપથી ને બહુ સારી રીતે કરી શકે.**

**આપણે તો માનસ પરિવર્તન માગીએ છીએ. તમે અલ્પારંભ અને અલ્પ પરિગ્રહમાં આનંદ અનુભવવા જોગું માનસ કેળવી લો, તો તમને મહાલાભ થાય. છેવટે કાંઈ નહિ, તો મનુષ્યજન્મ સુધી આવ્યા પછી આટલી મૂડી તો સચવાય, એટલે કે મરીને મનુષ્યગતિથી નીચેની ગતિમાં જવું પડે નહિ.** —(ચાર ગતિના કારણો)

## શ્રી જિનમંદિરાદિ એ શ્રી જૈનશાસનની મિલ્કત છે :

જેટલાં શ્રી જિનમંદિરો, જેટલાં શ્રી જિનબિંબો, જેટલાં ધર્મસ્થાનો અને જેટલા જ્ઞાનભંડારો વગેરે છે તેમ જ એ બધાંને અંગે જે કાંઈ પણ મિલ્કત વગેરે હોય, એ બધી મિલ્કત કોની ગણાય ? માત્ર અહીંનાં જ શ્રી જિનમંદિરાદિની વાત નથી. શ્રી જિનમંદિર આદિ ધર્મસ્થાનો જ્યાં જ્યાં છે, તે બધાંય ધર્મસ્થાનોની વાસ્તવિક રીતે માલિકી કોની ? એ બધીય મિલ્કત વસ્તુતઃ શ્રી જૈનશાસનની છે. એ ધર્મસ્થાનોનું સર્જન કરનાર ગમે તે હોય, પણ એ ધર્મસ્થાનોનું સર્જન કોના નામે થયું ? ભગવાન શ્રી જિનેશ્વરદેવો થયા ન હોત અથવા તો એ તારકોની આ પ્રકારની આજ્ઞા ન હોત, તો આ બધાં ધર્મસ્થાનોનું સર્જન થવા પામત ખરું ? આ બધુંય સર્જન શ્રી જૈન શાસનને અર્પિત થયેલાઓએ કરેલું છે અને શ્રી જૈનશાસનને અનુસરીને કરેલું છે, માટે આ બધી જ મિલ્કત વસ્તુતઃ શ્રી જૈનશાસનની ગણાય.

ગમે તેણે શ્રી જિનમંદિર બંધાવ્યું હોય, પણ એ શ્રી જિનમંદિરનો એ પોતાનો ફાવે તેવા પ્રકારે ઉપયોગ કરી અને કરાવી શકે કે શ્રી જૈન શાસનને અનુસરીને જ એનો પોતે પણ ઉપયોગ કરી શકે અને બીજાઓની પાસે પણ ઉપયોગ કરાવી શકે ? એને પોતાને પણ એનો ઉપયોગ શ્રી જૈનશાસનને અનુસરીને જ કરવાનો અધિકાર રહે છે, કારણ કે એ એનું મંદિર નથી, પણ શ્રી જિનનું મંદિર છે. આ વાતને તમે સમજી શકો છો ?

બધાંય ધર્મસ્થાનોને માટે આ વાત છે. **કોઈ પણ ધર્મસ્થાનનો ઉપયોગ અગર શ્રી જૈનશાસનની કોઈ પણ મિલ્કતનો ઉપયોગ, કોઈને પણ પોતાની સ્વેચ્છાથી કરવાનો અધિકાર નથી. પરંતુ શ્રી જૈન શાસનની મર્યાદા મુજબ જ એનો ઉપયોગ થઈ શકે. શ્રી જૈન શાસનની મર્યાદાને કોઈ લોપતો હોય, તો કોઈ પણ જૈન એને તેમ કરતાં અટકાવી શકે છે.** 'તારે આ સ્થાનમાં શો અધિકાર છે ?' - એમ એવા વખતે કહી શકાય નહિ. સઘળીય મિલ્કત શ્રી જૈનશાસનની છે;

એટલે શ્રી જૈનશાસનને માનનાર સૌ કોઈની, એ મિલ્કતનો શ્રી જૈન શાસનથી વિપરીત પ્રકારે ઉપયોગ થાય નહિ, એ જોવાની ફરજ અને જવાબદારી છે. એટલા માટે તો પરિગ્રહના ત્યાગી એવા સાધુઓને પણ, અવસરે શ્રી જિનમંદિરાદિની અને તેની મિલ્કત આદિની રક્ષા વગેરેને માટે ઉચિત કરવાનું શ્રી જૈનશાસનમાં વિધાન કરાયું છે, કેમ કે આ બધી મિલ્કત સરવાળે તો શ્રી જૈનશાસનની જ છે.

## આપણે શ્રી જૈનશાસનના સેવક જ :

શ્રી જિનમંદિરાદિ શ્રી જૈનશાસનનાં છે અને આપણે કોના છીએ ? આપણે પણ શ્રી જૈન શાસનના છીએ. આપણે બધાય શ્રી જૈન શાસનના માલિક છીએ કે સેવક છીએ ? શ્રી જૈનશાસનના આપણે બધા સેવક જ છીએ. તમે શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોમાં જ્યારે જ્યારે પેસો છો, ત્યારે ત્યારે તમે શેઠ તરીકે પેસો છો ? અહીં તમે આવ્યા છો, તે તમારી શ્રીમંતાઈની ખુમારી, મોટાઈ વગેરેને મૂકીને આવ્યા છો ને ? શ્રી જિનમંદિરાદિમાં તમે પેસો છો, તે હાથ જોડીને પેસો છો ને ? અમારી પાસે તમે આવો છો, તે હાથ જોડતા આવો છો ને ? કેમ ? એ ભાવ છે કે અહીં અમે સેવક છીએ. બહાર અમે ગમે તેવા મોટા હોઈએ, શેઠ હોઈએ અગર ઊંચે મસ્તકે જીવનારા હોઈએ, પણ અહીં તો અમે સેવક છીએ, અહીં અમારું મસ્તક ઝૂકે જ. બહાર કોઈને પણ નમતો ન હોય અને સૌનાં નમનને ઝીલતો હોય, એવો પણ અહીં તો નમતો જ પેસે અને નમતો જ બેસે. અહીં તો અમે સેવક જ છીએ, એ વાત કદી પણ ભુલાવી નહિ જોઈએ. જ્યાં સુધી આ વાત સમજમાં નહિ આવે અને હૈયે નહિ બેસે, ત્યાં સુધી દિલમાં જે બૂરી વાતો ભરેલી છે તે નીકળશે નહિ અને દિલમાં જે સારી વાતો પેસવી જોઈએ તે પેસશે નહિ.

**ધર્મસ્થાનોમાં તો તમે, તમારી ખરાબીને કાઢવા અને આત્માની જે સારપ આવરાઈ ગઈ છે તેને પ્રગટ કરવાને માટે આવો છો ને ? ત્યારે સેવકભાવ આવ્યા વિના એ બનવાનું શી રીતે ?**

## શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોનો તથા તેની મિલ્કતનો વહીવટ શ્રી જિનાજ્ઞાને વેગળી મૂકીને ન થાય :

શ્રી જૈન શાસનના સેવક તરીકે, આપણી શ્રી જિનમંદિરાદિ જે

શ્રી જૈનશાસનની મિલ્કત છે, તેની વ્યવસ્થા, રક્ષા, અભિવૃદ્ધિ આદિ કરવાની ફરજ છે. શ્રી જૈનશાસનના સેવક તરીકે જ જો બધો વહીવટ કરવામાં આવે, તો વહીવટમાં શ્રી જિનાજ્ઞાની અવગણના થાય ખરી ? વહીવટ કરનારાઓને એ વાતનો ખ્યાલ છે ખરો કે આનો વહીવટ અમારે અમારી રીતે કરવાનો નથી, પણ શ્રી જૈનશાસનની મર્યાદાને અનુસરીને કરવાનો છે ? જો આ ખ્યાલ હોય, તો શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોમાં શું શું થઈ શકે અને શું શું થઈ શકે નહિ, તેમ જ શ્રી જિનમંદિરાદિનાં દ્રવ્યોનો ઉપયોગ શામાં થઈ શકે અને શામાં શામાં નહિ, એ વગેરે વહીવટને અંગે અતિશય જરૂરી વાતોને જાણવાનો, વહીવટદારો પ્રયત્ન કર્યા વિના રહે ખરા ? આજના શ્રી જિનમંદિરાદિના વહીવટદારો જાણકાર છે કે જાણવાની દરકાર રાખીને વર્તનારા છે ? એ બેયમાં નહિ અને વહીવટદાર ખરો, એ કરે શું ?

શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોના વહીવટનું પણ ઘણું મોટું ફળ કહ્યું છે. ઘરબાર વગેરેનો વહીવટ પાપ રૂપ અને શ્રી જિનમંદિરાદિનો વહીવટ પુણ્ય રૂપ, પણ તે કરતાં આવડે તો ને ? શ્રી જિનમંદિરાદિનો વહીવટ કરતાં તો વહીવટ કરનાર જીવ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કોટિના પુણ્યકર્મને યાવત્ શ્રી તીર્થંકરનામકર્મને પણ ઉપાર્જી શકે; પ્રણ વહીવટ હાથમાં લઈને જે સ્વચ્છંદી બને, શ્રી જિનશાસનની મર્યાદાઓને લોપે, આશાતના વગેરે કરે કરાવે, તે એવું ઘોર પાપકર્મ ઉપાર્જે, કે તેવું પાપકર્મ કદાચ ઘરબારના ગમે તેવા વહીવટથી પણ ઉપાર્જી શકાય નહિ.

શ્રી જિનમંદિરાદિનો વહીવટ, શ્રી તીર્થંકરનામકર્મ જેવા પુણ્યકર્મના બંધનું કારણ શાથી બને ? એમાં ભગવાન શ્રી અરિહંત પરમાત્મા આદિની જેવી તેવી સેવા છે ? એ તારકના શાસનની રક્ષાનો જેવો તેવો ભાવ છે ? આજ્ઞાની આરાધના કરી શકાય એવી સૌને સગવડ કરી આપવાની ઓછી ભાવના છે ? સૌને સગવડ આપવાનો ભાવ છતાં, શ્રી જિનશાસનની કોઈ પણ મર્યાદાનું ઉલ્લંઘન નહિ ! આ બધું હોય નહિ ને શ્રી તીર્થંકરનામકર્મ બંધાઈ જાય ?

શ્રી જિનના નામે, શ્રી જિનની ભક્તિના નામે, શ્રી જિનની આજ્ઞાની આરાધનાના નામે જે કાંઈ પણ દ્રવ્ય એકત્રિત થાય, તેના ઉપર અધિકાર શ્રી જિનશાસનનો જ ગણાય અને એથી શ્રીસંઘના નામે પણ

શ્રી જૈનશાસનની મર્યાદાને લોપીને એ દ્રવ્યનો ઉપયોગ થઈ શકે નહિ. જેણે ફાવતો ઉપયોગ કરવો હોય, તેણે વચ્ચે શ્રી જિનને કે શ્રીજિનની આજ્ઞાને વચ્ચે લાવ્યા વિના જ ભંડોળ કરવું જોઈએ, પણ વચ્ચે શ્રીજિનને કે શ્રી જિનાજ્ઞાને લાવ્યા એટલે એનો ઉપયોગ શ્રી જૈનશાસનની મર્યાદા મુજબ જ થઈ શકે.

શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોનો અને એની મિલ્કતનો શ્રીસંઘ માલિક પણ ગણાય, પણ તે સ્વતંત્ર વહીવટદાર માલિક નહિ. વ્યવસ્થા, રક્ષા વગેરે શ્રીસંઘ કરે, પણ તે શ્રી જિનાજ્ઞાને અનુસરીને અને શ્રીજિનાજ્ઞાને બાધ ન પહોંચે એવી રીતે કરે. એટલા માટે, આપણે પહેલાં જ એ વાત કરી કે શ્રી તીર્થંકરવત્ નમસ્કરણીય શ્રીસંઘ પણ શ્રીજિનાજ્ઞાને આધીન હોય.

**જે સમુદાય શ્રી જિનાજ્ઞાને આધીન નહિ, તે ગમે તેટલો મોટો હોય, એ શ્રીસંઘ પણ નહિ અને એથી એ શ્રીતીર્થંકરવત્ નમસ્કરણીય પણ નહિ.**

## તિલકની કિંમત છે ?

આવા પ્રકારની ભાવના જેઓમાં નથી અગર તો જેઓમાં આવા પ્રકારનો સેવકભાવ નથી, તેઓના હાથમાં શ્રી જિનમંદિરાદિનો વહીવટ, એ ભયનું સ્થાન છે. આ વાત તરફ પણ ખાસ લક્ષ્ય દોરવું પડે, એવી સ્થિતિ સર્જાઈ છે અને સર્જાતી જાય છે. આપણે બધા જૈન છીએ, એટલે જ આ આપણું સ્થાન છે ને ?

જૈન એટલે ?

શ્રી જિનનો સેવક જ ને ? શ્રી જિનની આજ્ઞાનો ઉપાસક ને ?

શ્રી જિનમંદિરાદિ, શ્રી જિનની આજ્ઞાને પામવા અને પાળવા માટે છે ને ? આ બધાં સ્થાનો સંસારથી તરવાને માટે છે ને ? ત્યારે સંસારથી તારે કોણ ? શ્રી જિનની આજ્ઞા તારે કે આપણી સ્વેચ્છા તારે ?

આપણે, આપણા મન-વચન-કાયાના યોગો, શ્રી જિનની આજ્ઞાને સમર્પિત થઈ જાય, તો જ આ ભયંકર એવા પણ ભવસાગરથી તરી જવાય. આવાં તારક સ્થાનોને પામવા છતાં પણ શ્રી જિનાજ્ઞા પ્રત્યે સમર્પણભાવ આવે નહિ, તો આ સ્થાનો દ્વારા પણ ડૂબી જવાય એમ પણ બને.

તમે શ્રી જિનમંદિરમાં જાવ છો, ત્યારે તમારા ભાલ ઉપર તિલક કરો છો ને ? એ તિલક તમારામાં શો ભાવ પેદા કરે છે ? શ્રી જિનની આજ્ઞાને હું માથે ચડાવું છું, એમ થાય છે ? તિલક પણ કહે છે આ શ્રીજિનાજ્ઞાનો સેવક છે. તમને જો એ તિલકની કિંમત ન હોય તો તિલક પણ સંસારનું સાધન બની જાય. **જેને ઓઘાની કિંમત ન હોય તેને માટે જો ઓઘો સંસારનું સાધન બની જાય, તો જેને તિલકની કિંમત ન હોય, તેને માટે તિલક સંસારનું સાધન બની જાય કે નહિ ?**

## સંસારમાં સંયોગવશાત્ ખર્ચ અને અહીં દિલથી ખર્ચ :

તમે શ્રી જિનમંદિર, શ્રી જિનબિંબ અને અન્ય ધર્મસ્થાનોમાં જે કાંઈ લક્ષ્મીનો વ્યય કરો છો, તે શા માટે કરો છો ? તમારે હૈયે શ્રીજિનમંદિરાદિની બહુ મોટી કિંમત છે માટે ને ? આ સ્થાનો તારક છે, એમ માની ને ? તમે બંગલા આદિ બાંધો છો અને તેમાં તમે બીજો પણ ધનવ્યય કરો છો, પણ તમને ત્યાં કદી એમ થાય છે કે આ બધું મને તારનારું છે ? જે કોઈ આને જોશે તેને આને જોઈને તરવાનો ભાવ પેદા થશે, એવું તમે માનો છો ? નહિ. ત્યાં તમને એવો ખ્યાલ આવતો નથી કે આ મારા અને બીજાઓના નિસ્તારની સામગ્રી છે અને શ્રીજિનમંદિરાદિ ધર્મસ્થાનોમાં તો તમને એવો ખ્યાલ આવે છે ને કે આ બધી મને અને જે કોઈ આને જોઈને સેવે, તેને તારનારી આ સામગ્રી છે ? આ વાત બરાબર છે ? એટલે તમને તમારા બંગલા આદિને જોઈને એવો ખ્યાલ આવે છે ખરો કે આ બધું મને સંસારમાં રડાવનારું છે ? તારકસ્થાનો તો શ્રી જિનમંદિરાદિ જ ?

તમે ભલે બંગલા આદિમાં લક્ષ્મીનો વ્યય વિશેષ કરતા હો પણ એ વ્યય તમારે સંયોગવશાત્ કરવો પડે છે માટે કરો છો અને શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોમાં કે આ ધર્મસ્થાનોને માટે તમે ભલે ત્યાં કરતાં લક્ષ્મીનો વ્યય ઓછો કરતા હો, પણ આ વ્યય તમે દિલથી કરો છો, એમ ખરું ?

મને મળેલી લક્ષ્મી આદિની ખરી સફળતા અહીં જ ખર્ચવામાં છે અને ત્યાં હું જે કાંઈ કરું છું તે મારું પાપ છે, એમ તમને લાગે છે ?

જો હૈયામાં આવી ભાવના હોય, તો અહીં થોડું ખર્ચવામાં પણ જે

ઉલ્લાસ હોય, તે ઉલ્લાસ ત્યાં ઘણું ખર્ચવામાં પણ હોય નહિ અને ઊલટું હૈયે દુઃખ હોય કે મારી ખામીને લઈને જ મારે આ પાપમાં રહેવું પડે છે અને આ પાપોને સેવવાં પડે છે. અહીં ખર્ચ્યા પછી દિલમાં એમ થયા કરે કે સારું થયું અને ત્યાં ખર્ચ્યા પછી એમ થયા કરે કે પુણ્યના યોગે મળેલું અને મારાથી ખર્ચાયું પાપમાં !

– (જયવંતી જિનાજ્ઞા)

## પુણ્યમાં ખામી આવી એમ જણાયું એટલે તરત જ સંઘનો વહીવટ સોંપી દીધો :

પુણ્ય-પાપને માનનારા અને ધર્મમાં આસ્થાવાળા શ્રીમંતોની વાત જ જુદી હોય. ધર્મને પામેલા ન હોય એવા પણ શ્રીમંતો જો પુણ્ય-પાપમાં માનતા હોય, તો એમને વારે વારે પુણ્યકર્મ કરવાનું મન થાય; ને જેને જેને એ મોટું પાપ સમજતો હોય, તે પાપને તો છાંયેય એ ચઢે નહિ. દિલના એ કુણા હોય. પુણ્ય-પાપને માનતો હોય અને ધર્મને જે સમજતો હોય, એ તો એક નાનામાં નાના પ્રસંગથી પણ સમજી જાય કે પુણ્યનો ઉદય કેવોક ચાલી રહ્યો છે !

એક ગામમાં એક શેઠ સંઘનો આગેવાન હતો. સંઘનાં બધાં ખાતાંનો વહીવટ એ કરે. વહીવટ કરે એમાં એ જાતે એટલો ઘસાય કે સંઘે જેટલું આપ્યું હોય તેના કરતાં અધિક એણે આપ્યું હોય. સંઘેય સમજે કે આ પુણ્યવાન શેઠને લીધે સંઘનાં બધાં કામ સારી રીતે થાય છે અને સંઘને કોઈ વાતની ચિંતા કરવી પડતી નથી. એક વાર સંઘ ભેગો થયેલો. એ વખતે એક જુવાનિયાને કોણ જાણે શાથી પણ એમ કહેવાનું મન થઈ ગયું કે 'આપણે સંઘના વહીવટના ચોપડા તો જોઈ લેવા જોઈએ !' શેઠે તરત જ મુનીમને કહ્યું કે 'આ ભાઈને બધા ચોપડા આપો. એમને જે જોવું હોય તે જોઈ લેવા દો.' શેઠે ચોપડા તો અપાવી દીધા, પણ શેઠ સમજી ગયા કે 'આપણા પુણ્યમાં આટલી ખામી આવી. હવે આપણે ખસી જવું જોઈએ. અને, બીજા કોઈ પુણ્યવાનને વહીવટ સોંપી દેવો જોઈએ.' એટલે એમણે સંઘને વિનંતી કરી કે 'હવે આ વહીવટ તમે બીજા કોઈ પણ ભાઈને સોંપો. જેમને સંઘ વહીવટ સોંપશે, તેમને જોઈતી બધી સલાહ, સૂચના અને સહાય હું આપીશ, પણ હવે હું

વહીવટ મારે હસ્તક નહિ રાખું.' પુણ્યમાં ખામી જણાયા પછી સંઘનો વહીવટ રખાય નહિ. સંઘે ઘણુંય કહ્યું, પણ શેઠ માન્યા નહીં. સંઘનો વહીવટ કરનાર શેઠ કાળી રાતે પણ એમ જ કહે કે 'ચોપડો તૈયાર છે. જેને જોવો હોય તે ખૂશીથી જોઈ લો !' આ શેઠે પણ ચોપડા આપી દીધા ને તપાસી લેવાનું કહ્યું. ભૂલ થઈ હોય તો તેની સજા ભોગવવાની તૈયારીય બતાવી. પણ, હવે વહીવટ સંભાળવાની ઘસીને ના પાડી દીધી. એ શેઠ માનતા કે 'ચોપડા ચોખ્ખા છે, વહીવટ ચોખ્ખો છે, પણ કોઈ દિ' નહિ ને આજે એક માણસને મારે માટે આવો વિચાર આવ્યો, એટલી મારા પુણ્યમાં ખામી આવી.' શેઠને એમ નથી થયું કે 'ચોપડા જોવા માગ્યા કેમ ?' શેઠને તો એટલો જ વિચાર આવ્યો કો 'મારા પુણ્યમાં ખામી આવી.' બાકી તો, એ માનતા કે 'સંઘના કોઈ પણ ભાઈને ચોપડા જોવાનો અધિકાર છે.' દર વર્ષે ચોપડાની-વહીવટની હકીકત એ શેઠ સંઘ પાસે મૂકી જ દેતા હતા.

## આજના કેટલાક વહીવટદારો :

આજના કેટલાક વહીવટદારો વહીવટ બાબતમાં શું કહે છે ? આજે ચોપડા જોવા માગનારને સીધેસીધા જોવા મળે ખરા ? સંઘને દરેક વાતના ખુલાસા અપાય છે ખરા ? પૂછનારા પૂછ્યા કરે અને વહીવટદાર તરફથી ઉડાઉ જવાબ મળ્યા કરે, એવું પણ આજે બની રહ્યું છે ને ? બધા વહીવટદારોની વાત નથી, પણ કેટલાક વહીવટદારો તો એવા પણ પાક્યા છે કે કોઈ જો વહીવટની ખામીની વાત કહેવા જાય, તો એને જ ઉધડો લે. વહીવટદાર તરીકે ખૂમારી એટલી રાખે કે એને કાંઈ કહેવા જતાં સંઘના માણસોને લાખ વિચાર થાય. સંઘ જો કોઈ કામમાં એમ કહે કે આ કામ નહિ કરવું જોઈએ; પણ એ વહીવટદારને જો એ કામ કરવું જ હોય અથવા તો એ કામ થવા જ દેવું હોય, તો ઘણા કહે તોય એ વાતને એ વહીવટદાર ગણકારે નહિ. એમાં જો કોઈક બહુ તુમાખીખોર વહીવટદાર હોય, તો એ ગમે તેમ બોલે અને અનુકૂળતા હોય તો એમેય કહી દે કે **कुत्ते भसते रहते हैं और हाथी चला जाता है ।**

**– (આત્મોન્નતિનાં સોપાન)**



૮૨

પૂજય આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા